**જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના પ્રથમ આત્મજ,**
**પુષ્ટિસમ્પ્રદાયના દેદીપ્યમાન પ્રતાપી આચાર્ય**

# શ્રીગોપીનાથજી

**: સંકલન-લેખન :**

**ડો.પીયૂષ પરીખ (ભરૂચ)**

પ્રકાશક :

***શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ***

'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦ ફોન :
(૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦

---

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

**શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ**

**(૧) ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી**
''શ્રીરાધાકૃષ્ણકુંજ''
બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,
એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ,
વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૨૩૨૬૮૯૭
સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦

**(૨) જિતેન્દ્ર મગનલાલ વજીર**
**C/o.**શ્યામ સુંદર ડ્રેસીસ''
૧૫૪-મલાડ શોપિંગ સેન્ટર,
એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ)
મુંબઈ : ૪૦૦ ૦૬૨
ફોન : (૦૨૨) ઘર ૨૮૦૬૫૭૭૫
(૦૨૨) ઓ. ૨૮૮૦૮૦૫૦
(૦૨૨) ૨૮૮૧૦૫૧૬

**© સર્વ હક્ક પ્રકાશકને આધીન**

**પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૪, ચૈત્ર વદ, ઈ.સ. મે-૨૦૦૮**

**પ્રત - ૫૦૦**

**ન્યોછાવર - રૂા. ૫-૦૦**

**કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-**
**વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ**
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
**ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯**

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

# બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી **'શ્રીગોપીનાથજી'** પુસ્તિકા બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૫ની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૨૦ મે થી ૨૪ મે ૨૦૦૮) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓ પૈકી વર્ગ બી-૨ (વય ૨૬ થી ૪૫)ના યુવાનોને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી, તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રગટ થઈ રહ્યું છે.

આ પુસ્તિકાનું પ્રકાશન આં.રા.પુ.મા.વૈ.પરિષદ્ ભરૂચ શાખા દ્વારા વિ.સં.૨૦૫૯ અને ઈ.સ.૨૦૦૩ માં કરવામાં આવ્યું હતું. આં.રા.વૈ.પ. ભરૂચ શાખા તથા લેખક ડો.પીયૂષભાઈના સૌજન્યથી ફરીથી આ પ્રકાશન લેવામાં આવ્યું છે અને તે માટે તેમનો હાર્દિક આભાર માનું છું.

મને વિશ્વાસ છે કે આ પુસ્તિકા, આ ગ્રન્થનું અધ્યયન કરનાર જિજ્ઞાસુજનોને ખૂબ જ સુગમ અને ઉપયોગી નીવડશે.

ગુજરાતી વિ.સં.૨૦૬૪,
ચૈત્ર વદ-૧૧, શુક્રવાર
૨-૫-૨૦૦૮
વડોદરા.

**ગોસ્વામી ચન્દ્રગોપાલ**
વડોદરા

# શ્રીમદાચાર્ય શ્રીગોપીનાથજી

## તૃ.પી.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)

શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય સં.૧૫૬૭ (૧૫૬૮)ના અશ્વિન કૃષ્ણ ૧૨ ના રોજ અડેલમાં થયેલ. તેમનાં પ્રાગટ્ય પહેલાં શ્રીમદાચાર્યચરણ સોમયજ્ઞ સંપન્ન કરીને પ્રયાગની પાસે અડેલ મુકામે પોતાનો કાયમ નિવાસ કરી ચૂક્યા હતા. શ્રીવલ્લભાચાર્યજીએ તેઓશ્રીના જન્મ પછી ત્રણ સોમયજ્ઞ અહીંઆ કરીને આપનું નિવાસસ્થાન અડેલથી ચરણાટ પરિવર્તિત કરેલ. ચરણાટમાં શ્રીગોપીનાથજીના ૫ વર્ષ પછી સં.૧૫૭૨ માં પોષ કૃષ્ણ ૯ ના રોજ શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય થયેલ. શ્રીઆચાર્યચરણે ફરી ચરણાટ પધારીને સોમયજ્ઞનું આયોજન કરેલ અને કુલ ૬ સોમયજ્ઞ પછી શ્રીગોપીનાથજીના ઉપનયન સંસ્કાર સંપન્ન કરાવીને તેમના અધ્યયનનો પ્રબંધ આપશ્રીના નિરીક્ષણમાં કરાવેલ. વેદ વેદાંગોનું અધ્યયન સ્વયં શ્રીઆચાર્યજીએ જ કરાવેલ. ગહન અધ્યયન પછી શ્રીગોપીનાથજીના યુવાવસ્થામાં પ્રવેશ પામ્યા પછી શ્રીઆચાર્યજીને ભારતભ્રમણ (પૃથ્વી-પ્રદશિક્ષણા) માટે અનુમતિ માંગી અને શ્રીઆચાર્ય મહાપ્રભુજી આપશ્રીની વિદ્વતાથી સંતુષ્ટ થયા અને તેથી પ્રસન્નતાથી આજ્ઞા પ્રદાન કરી.

સમગ્ર ભારતમાં તીર્થાટન, શાસ્ત્રાર્થ વગેરે કરતાં કરતાં શ્રીગોપીનાથજી પોતાના મૂળગામ કાંકરવાડ પહોંચ્યા. ત્યારે ત્યાં શ્રીમહાપ્રભુજીના કાકા શ્રીજનાર્દનભટ્ટજી તેમને દેખીને ઘણા આનંદવિભોર બની ગયા. પોતાના પૌત્રની પ્રતિભા અને વિદ્વત્તાથી ઘણા પ્રસન્ન થઈ શ્રીજનાર્દન ભટ્ટજીએ તેઓશ્રીના વિવાહ સંસ્કરણ પણ ત્યાં જ કરાવ્યો. પોતાની પત્નીને સાથે લઈ પરિભ્રમણ કરતાં કરતાં જ્યારે શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુચરણની પાસે પધાર્યા ત્યારે શ્રીઆચાર્યજી હર્ષોન્માદથી દંપતિને આશીર્વાદ આપીને તેમનો ગૃહપ્રવેશ કરાવેલ.

શ્રીમદાચાર્ય મહાપ્રભુજીએ ભગવદ્ આજ્ઞા શિરોધાર્ય કરીને જ્યારે આ લીલા સંવરણનો વિચાર કર્યો ત્યારે તેમને ભાગવત સંન્યાસ ગ્રહણ કરી લીધો. તથા સંન્યાસની ચારેય અવસ્થાઓને થોડો થોડો સમય ધારણ કરી પરમહંસ અવસ્થામાં જ્યારે આપ કાશીમાં હનુમાનઘાટ પર બિરાજ્યા હતા ત્યારે શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી બન્ને આપની પાસેથી કર્તવ્યબોધ પ્રાપ્ત કરવા પધાર્યા. શ્રીમદાચાર્યજીએ સંન્યાસ ગ્રહણ કરતાં પહેલાં શ્રીગોપીનાથજીને શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આચાર્યપદ પર અભિષિક્ત કરેલ હતા અને આપણા સમ્પ્રદાયનો મર્મબોધ પ્રદાન કરેલ. છતાં પણ બન્ને પુત્રોને આપના સમક્ષ ફરીથી બોધ પ્રાપ્ત કરવા માટે આવેલા જાણીને, મૌન ધારણ કર્યું હોવાથી ઘાટની શિલા પર જ શિક્ષાશ્લોકીનો ઉપદેશ કર્યો.

શ્રીમદાચાર્યચરણની આસુરવ્યામોહ લીલા બાદ શ્રીગોપીનાથજીને પ્રાયઃ ૩૩ વર્ષ સુધી પુષ્ટિભક્તિમાર્ગના આચાર્યસ્વરૂપ રૂપે સંપ્રદાયનો પ્રચાર પ્રસાર કર્યો. આપના યુવાવસ્થાનું ચિત્ર પણ ‘શ્રીવલ્લભાચાર્ય’ આ નામાભિધાનયુક્ત પ્રાપ્ત થાય છે. એવાં પણ ચિત્રો છે જેમાં શ્રીસૂરદાસજી, શ્રીપરમાનંદદાસજી વગેરે આપની સમક્ષ સ્થિત છે આથી આ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે આપ અને શ્રીગુસાંઈજી અનુક્રમે ૨૦ અને ૧૫ વર્ષની અવસ્થા સુધી શ્રીવલ્લભનંદન અને શ્રીગોપીનાથજી ૧૫૮૭ થી સ.૧૬૨૦ સુધી શ્રીવલ્લભાચાર્યજીના જ નામાભિધાનથી લોક વિખ્યાત રહ્યા.

શ્રીગોપીનાથજી શ્રીમદાચાર્યને ત્યાં ત્રણ સંતતિ થઈ. શ્રીસત્યભામા બેટીજી, શ્રીલક્ષ્મીબેટીજી, શ્રીમદ્ શ્રીપુરુષોત્તમજી. શ્રીગોપીનાથજીને શ્રીવિઠ્ઠલનાથજીમાં અપૂર્વ બંધુભાવ હતો, જે પરસ્પરના પત્રવ્યવહારથી જાણી શકાય છે. શ્રીગોપીનાથજીના અધ્યયનકાળમાં લખેલ એક જ ગ્રંથ સાધનદીપિકા અને થોડાક શ્લોકો જ પ્રાપ્ત છે. આપને શ્રીમદ્ વલ્લભાચાર્યના ગ્રંથોને જ લોકો સુધી લોકભાષામાં વ્યાખ્યાનો દ્વારા પહોંચાડેલ હતા. કોઈ ગ્રંથની રચના કરી નહોતી.

શ્રીગોપીનાથજી આપના સિદ્ધાન્ત પક્ષ અને વ્યવહાર પક્ષમાં આચાર્ય પદે હોવાને કારણે મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ બન્નેનો અધિકાર પ્રમાણે ભક્તોને ઉપદેશ કરતા હતા. શ્રીમદાચાર્યચરણના સંબંધમાં પણ શ્રીવલ્લભજી મહારાજે કહ્યું છે કે તેમનામાં ઉભયપક્ષતા વિદ્યમાન હતી. મર્યાદામાર્ગોપદેષ્ટ્રત્વ અને પુષ્ટિમાર્ગોપદેષ્ટ્રત્વ. આ ઉભયરૂપતા આચાર્યત્વમાં અપેક્ષિત હોય છે કારણ કે આપની પાસે જે શિષ્યત્વ ગ્રહણ કરવા વ્યક્તિ આવે છે તે બધા જ પુષ્ટિભક્તિના અધિકારી હોતા નથી - ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ મિશ્ર બધા જ પ્રકારના હોય છે. તેથી આપને વિષ્ણુસ્વામી પરંપરાના સિદ્ધાન્ત પક્ષ અને પુષ્ટિ (માર્ગ) ભક્તિમાર્ગની શ્રીવલ્લભ પરંપરાનો, ભગવદ્‌સેવાનો, પ્રેમાભક્તિમય રૂપમાં વ્યવહાર પક્ષ બન્નેનો ઉપદેશ કર્યો. આપની આ બન્ને ભાવનાઓને ન સમજવાવાળા થોડાક લોકોને એવો ભ્રમ થયો જેથી કરીને આપને મર્યાદારૂપ શ્રીદાઉજી અને શ્રીગુસાંઈજીને પુષ્ટિરૂપ શ્રીકૃષ્ણના રૂપમાં અવતરણ પામેલ બતાવવા લાગ્યા. જ્યારે બલરામ અને શ્રીકૃષ્ણના દષ્ટાન્ત બન્ને ભાઈઓનો સ્નેહ સહયોગના કારણે જ દર્શાવેલ.

શ્રીમદાચાર્યચરણના સ્વધામ પધારવા પછી વ્યવહાર પક્ષમાં બે ભેદ મહાનુભાવોના વિચારમાં આવેલ. ભટ્ટ પક્ષમાં શ્રીમદાચાર્યજીના ભાઈ, શિષ્ય શંભુ ભટ્ટ વગેરે હતા જે આચાર્યરૂપતા અને મર્યાદાપુષ્ટિ, ઉભય ભક્તિરૂપતાના પક્ષ કરી રહ્યા હતા. જ્યારે દાસ પક્ષમાં દામોદરદાસ આદિ શિષ્યગણ હતો જે આચાર્યદ્વારરૂપતા અને કેવલ પુષ્ટિભકિત રૂપતાના પક્ષકાર હતા. આ વૈચારિક ગજગ્રાહના પરિણામ સ્વરૂપથી આ બલરામ-કૃષ્ણવાદનો જન્મ થયો. પરંતુ શ્રીગોપીનાથજીના આચાર્યકાળમાં આ વાદ શાંત રહ્યો. જેનું રૂપ શ્રીમાવજી અને રાણાવ્યાસના દ્વારા લખાયેલ શ્રીસુબોધિનીજીની પુષ્પિકાઓથી પ્રમાણિત થાય છે. પરંતુ શ્રીગોપીનાથજીના બાદ ઉત્તરાધિકારના રૂપમાં ફરીથી પ્રબલ બનીને સામે આવેલ જે વાર્તાઓ, દિગ્વિજય ગ્રંથોના દ્વારા જાણી શકાય છે.

અત્રે એક બાબત જાણવા જેવી છે કે જ્યારે આચાર્યચરણે સંન્યા

લેવાનો નિર્ણય કર્યો ત્યારે બન્ને પુત્રોને એકાન્તમાં સમજાવેલ જેમાં શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરુષોત્તમજીની અલ્પાયુ હોવાને કારણે તથા બાદમાં સમ્પ્રદાયનું નેતૃત્વ ક્રમશઃ બન્ને ભાઈઓને કરવાની આજ્ઞા હતી. પરંતુ ઘરની મહિલાઓ વિશેષ શોક ન કરે તે હેતુથી આ આદેશ ગુપ્ત રાખવાનો પણ નિર્દેશ કર્યો હતો. શ્રીગોપીનાથજીને આચાર્યપદ ગ્રહણ કર્યા બાદ પુષ્ટિમાર્ગના પ્રચારને પૂર્ણ પરિશ્રમથી સંપન્ન કર્યો પરંતુ જ્યારે શ્રીપુરુષોત્તમજીનું પ્રાગટ્ય થયું ત્યારથી જ આચાર્યવાણીનું સ્મરણ કરીને કાંઈક ઉદાસીન રહેવા લાગ્યા. તથા આ ઉદાસીનતાના કારણે જ આપ અધિકથી અધિક અધ્યાત્મ ચિંતનમાં મન લાવી રહેવા લાગ્યા. સ.૧૬૨૦માં શ્રીપુરુષોત્તમક્ષેત્રમાં શ્રીવિગ્રહમાં આપે પોતાને લીન કરી દીધા. આવી રીતે આપશ્રીએ લગભગ ૫૩ વર્ષ પર્યન્ત આ ભક્તિમાર્ગને અગ્રેસર કર્યો. આપશ્રી આ રીતે લીલા સંવરણના પહેલા (આચાર્યપદ) આચાર્યત્વના સ્થાનનો પ્રશ્ન ઉઠ્યો. કોઈક લોકો શ્રીપુરુષોત્તમજીને નિયમાનુસાર પદાસીન કરવાના પક્ષમાં હતા તો અન્ય લોકો એમ ચાહતા હતા કે શ્રીપુરુષોત્તમજી બાળક છે તેથી આ સંપ્રદાયની પ્રારંભિક અવસ્થામાં ક્ષમતાથી ભાર વહન કરી શકશે નહીં. તથા શ્રીગુસાંઈજી પ્રૌઢ છે તેથી આ ભાર તેમને વહન કરવો જોઈએ.

આ વિવાદ ચાલતો હતો તેથી શ્રીકૃષ્ણદાસજીએ શ્રીગુસાંઈજીને શ્રી..જીની સેવાથી પણ રોક્યા હતા. શ્રીગુસાંઈજી પણ આચાર્યવાણીનો મર્મ જાણતા હતા. આથી મૌન થઈ ચંદ્ર સરોવર પર વિરહવાસ કરવા લાગ્યા. વસ્તુતઃ શ્રીપુરુષોત્તમજી આયુમાં બાળક હતા પરંતુ અધ્યાત્મ ચેતનાનું એમનામાં બહુ વિશદ સ્ફુરણ હતું. આ શ્રીજગદીશ ક્ષેત્રના રાજાના રોજનામથી સ્પષ્ટ જાણી શકાય છે. શ્રીગોપીનાથજીના નિત્યલીલા પ્રવેશના એક વર્ષ પછી શ્રીપુરુષોત્તમજી પણ નિત્યલીલામાં પ્રવિષ્ટ થયા. હવે શ્રીગુસાંઈજીએ આ ભાર વહન કરવો પડ્યો. શ્રીગોપીનાથજીના વહુજી શ્રીપાયમ્માજી, પતિ અને પુત્રના સંલગ્ન શોકથી વ્યથિત થઈ બે પુત્રીઓને શ્રીગુસાંઈજીને સોંપી પોતાના પિતા પાસે ચાલી ગયા. કેટલાક લોકો કહે છે કે શ્રીમદાચાર્યચરણોના ગ્રંથો પોતાની સાથે લઈ ગયા. પરંતુ આ

કેવળમાત્ર આરોપિત સત્ય છે. કારણ કે તેમના લખેલા પ્રાચીન ગ્રંથ આજે પણ ઉપલબ્ધ છે. હા, એક વાત અવશ્ય છે કે શ્રીઆચાર્યચરણના ગ્રંથો વિશેષકર મીમાંસા અને મર્યાદામાર્ગ વિશ્લેષણ કરતા હતા તે કોઈ મહાનુભાવો દ્વારા વિલુપ્ત કરી નાંખ્યા છે. એનો દોષ એક મહિલા પર ઢોળી દેવાયો એટલું જ નહીં ૩૦ વર્ષના ઈતિહાસને પણ વિલુપ્ત કરી શિષ્યોના નામ સુદ્ધાનું પણ રૂપાન્તર કરી નાખ્યું. એક અતિ પ્રાચીન નોંધપોથી ઉપલબ્ધ છે જેમાં શ્રીવલ્લભનંદન ગુજરાત પધાર્યા, દક્ષિણ પધાર્યા, પૂર્વ પધાર્યા વગેરે યાત્રા વૃત્તાંતોનું સૂચન માત્ર કરેલ છે પણ એની વિશેષતા એ છે કે કઈ સંવત્‌માં પધાર્યા અને તે સમયે આપની આયુ શું હતી અને કોણ કોણ શિષ્ય, સેવક થયા - આ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. હવે કયા સંવતમાં કોણ શ્રીવલ્લભનંદન કેટલા વર્ષના હતા આ જન્મ સંવતના દ્વારા જ સ્પષ્ટ સમજી શકાય છે અને એ પણ સ્પષ્ટ થાય છે કે ૨૫૨ માં કેટલાક સેવક શ્રીગોપીનાથજીના છે.

આ વાતોથી એ સમજમાં આવે છે કે કેટલાક લોકોએ પ્રાચીન ઈતિવૃત્તની સાખે કેવો વિચિત્ર ખિલવાડ કર્યો છે. જે રૂઢ થઈ જવાના કારણે જ શ્રીગોપીનાથજી તથા શ્રીપુરુષોત્તમજીનું સ્મરણ તેના મહત્ત્વની અપેક્ષાએ સંપ્રદાયમાં લેવાતું નથી કે જેટલું ગૌરવપૂર્ણ કાર્ય આપે અને આપના કુમાર (શ્રીપુરુષોત્તમલાલજી) એ આ પુષ્ટિમાર્ગમાં પ્રચાર પ્રસાર કર્યો હતો. એ સ્પષ્ટતા પણ આવશ્યક છે કે આ બન્નેના ઉત્સવો શ્રીનાથદ્વારામાં મુખ્ય કેન્દ્રમાં બરાબર મનાવાય છે. અન્ય ગૃહોમાં કોઈ કોઈમાં શ્રીગોપીનાથજીનો ઉત્સવ મનાવાય છે.

સંપ્રદાયની એ ગૌરવની વાત બનશે જો પુરો વૈષ્ણવસમાજ આ બન્ને મહાનુભાવોને તેઓની ગરિમા અને શ્રીવલ્લભાચાર્યચરણના હાર્દને યથાયોગ્ય સમજી માન્યતા પ્રદાન કરશે. 'પંગ્વન્ધન્યાય'થી પ્રચલિત જ વર્તમાન વિશૃંખલ વિચારધારાઓના રૂપમાં દૃષ્ટિગોચર થાય છે.

શ્રીમદાચાર્યચરણ સદા મંગળ જ કરશે.

# શ્રીગોપીનાથજી

શ્રીગુસાંઈજી જ્યારે ગુજરાતમા પધારતા ત્યારે અસારવા જરૂર પધારતા. અસારવામાં આપશ્રીના અનન્ય સેવક ભાઈલા કોઠારી રહેતા. તેમના જ ઘરે શ્રીગુસાંઈજી પધારતા. ભાઈલા કોઠારીની એક દીકરી હતી. નામ તેનું ગોમતી હતું. તેના વિવાહ ગોપાલદાસ સાથે થયા. ગોપાલદાસ જન્મથી મૂંગા હતા.

શ્રીગુસાંઈજી એકવાર ભાઈલા કોઠારીના ત્યાં પધાર્યા. ગોપાલદાસને પહેલી વાર જ જોયા. ભાઈલા કોઠારીને આ છોકરા વિષે પૂછ્યું. કોઠારીજીએ કહ્યું, 'રાજ, આ ગોમતીનો વર. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી ગોમતીનો વર તો સાગર હોય. કોઠારીજીએ દીનતાથી વિનંતી કરી, 'રાજ આપશ્રીની કૃપાથી તે થશે. શ્રીગુસાંઈજીએ આપશ્રીનું જ ચર્વિત તાંબુલ આ બાળકના મુખમાં મુક્યું. આ સાથે જ ગોપાલદાસજીને વાણી પ્રાપ્ત થઈ ગઈ. તેમના મુખમાંથી 'શ્રીવલ્લભાખ્યાન' ગવાવા માંડ્યું. આવા ભગવદીય ગોપાલદાસજી નવમા વલ્લભાખ્યાનમાં પોતાની રસના-જીભને બોધ-શિક્ષા આપે છે :

નિતપ્રતિ ક્ષણક્ષણ સુમરિયે શ્રીવલ્લભનો પરિવાર રે રસના ।
શ્રીપુરુષોત્તમ પ્રગટિયા જગત કરેવા ઉદ્ધાર રે રસના ॥

રે રસના ! હે જીભ ! તું નિત્ય અને પ્રત્યેક ક્ષણે શ્રીવલ્લભના પરિવારનું સ્મરણ કર. અમરકોશમાં ક્ષણનો અર્થ હર્ષ પણ થાય છે. આથી પ્રતિક્ષણનું સ્મરણ હર્ષપૂર્વક કર.

શા માટે હર્ષપૂર્વક સ્મરણ કરવાનું ? તેનો હેતુ કહે છે કે આ શ્રીવલ્લભના પરિવારમાં શ્રીપુરુષોત્તમ પ્રગટ થયા છે. જગતના દૈવી જીવોના ઉદ્ધાર માટે તેઓ પ્રગટ્યા છે.

શ્રીસર્વોત્તમસ્તોત્રજીમાં શ્રીમહાપ્રભુજીનું બાસઠમું નામ છે

ભુવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ - ભૂતલ પર ભક્તિના પ્રચાર માટે આપશ્રી પોતાનો અન્વય-વંશવિસ્તાર કરવાવાળા છે. ચોસઠમું નામ છે. સ્વવંશેસ્થાપિતા-શેષસ્વમાહાત્મ્યઃ આપશ્રી પોતાના વંશમાં પોતાનું અશેષ- સંપૂર્ણ માહાત્મ્યનું સ્થાપન કરનાર છે.

શ્રીવલ્લભાખ્યાનમાં, ગોપાલદાસજીનું મિષ છે. વાણી તો શ્રીગુસાંઈજીની જ છે. શ્રીસર્વોત્તમસ્તોત્રમાં પણ શ્રીપ્રભુચરણોની જ વાણી છે.

આ બંને સબળ પ્રમાણ હોવા છતાં આપણા સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજી તથા સ્વનામધન્ય શ્રીપુરુષોત્તમજી લેખવાળાની પ્રાયઃ કંઈક ઉપેક્ષા થતી લાગે છે. વાસ્તવમાં તો તે બંને આપણા આચાર્યો જ છે.

## શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીના જન્મ પૂર્વે શ્રીમહાપ્રભુને થયેલી પ્રભુઆજ્ઞા -

વિજયનગરમાં ધર્મસભા હતી. શ્રીમહાપ્રભુજીએ ત્યાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. કૃષ્ણદેવરાયે આપશ્રીનો કનકાભિષેક કર્યો. ત્યાંથી શ્રીમહાપ્રભુજી દક્ષિણમાં રામેશ્વર વગેરે તીર્થસ્થળોની પદયાત્રા કરતા કરતા પંઢરપુર પધાર્યા. આ આપશ્રીની બીજી યાત્રા હતી. પ્રથમ યાત્રા વખતે પણ આપશ્રી અહીં પધાર્યા હતા. ભીમરથી નદીના કિનારે પંઢરપુર છે. પ્રથમ યાત્રામાં આપશ્રી અહીં પધાર્યા ત્યારે ભીમરથીના સામા કિનારે બિરાજેલા. તે વખતે શ્રીવિઠ્ઠલનાથ (શ્રીવિઠોબા) આપશ્રીને મળવા ત્યાં પધાર્યા હતા. બેઉ સ્વરૂપને ખૂબ આનંદ થયેલો. મૂળપુરુષમાં ગો.શ્રીદ્વારકેશલાલજી આ પ્રસંગને આ રીતે વર્ણવે છે :

તહાં તે પંઢરપુર જુ સિધારે, શ્રીવિઠ્ઠલનાથ મિલનકુ પધારે

ભીમરથી કે પાર મિલે જબ, દોઉ તનમેં આનંદ બઢ્યો તબ
બઢ્યો આનંદ કરી બિનતી, આપકો યહ શ્રમ ભયો
કહી શ્રીવિઠ્ઠલનાથજીને મિત્રતા - પથ પ્રકટિયો.

બીજી યાત્રામાં પુનઃ આપશ્રી પંઢરપુર પધાર્યા - શ્રીવિઠોબાના દર્શન કર્યા. પ્રથમ યાત્રા વખતની બેઠકમાં શ્રીભાગવતસપ્તાહ કરી. આ સપ્તાહ દરમ્યાન આપને પ્રભુ સાક્ષાત્કાર - દર્શન- વારેઘડીએ થવા લાગ્યાં. અને પ્રભુ તરફથી કંઈ વિશિષ્ટ પ્રેરણા થતી હોય તેમ લાગ્યું. કથા સંપન્ન થઈ. કથાનું ફલ સાક્ષાત્ પ્રભુ જ છે. તે રાત્રે પ્રભુ પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ નમ્રતાથી દંડવત્ પ્રણામ કર્યા. આ વખતે પ્રભુએ તેમને લગ્ન કરવાની આજ્ઞા કરી.

આ પ્રસંગને દ્વિતીયાખ્યાનમાં ગોપાલદાસજી આ રીતે ગાય છે :

ત્યાંથી દક્ષિણ પાંવ ધરિયા, પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ ।
નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ ।। ૧૬ ।।
વચન નિશ્ચે શ્રીનાથે માંગ્યું, કીધી શ્રીવલ્લભજીસુ વાત ।
અમને તે ઈચ્છા એહ છે જે, હું નંદન ને તમે તાત ।। ૧૭ ।।

ત્યારે આચાર્યશ્રીએ કહ્યું પ્રભુ મારી સંસાર તરફ રુચિ નથી - જે આનંદ બ્રહ્મચર્યપાલનમાં છે તે આનંદ સંસારમાં હોય તેમ મને જણાતું નથી. મેં યાત્રાઓ કરતી વખતે લોકોનાં મન કામનાઓથી ભરેલાં જોયાં છે આથી તેઓ ભારે દુઃખ ભોગવે છે. માટે કૃપા કરી મને આપ આવી આજ્ઞા ન કરશો.

પ્રભુએ કહ્યું, લોકો કામ અને માયાથી વશ થવાથી દુઃખી છે તે તમારી વાત સાચી છે, પણ તેવા લોકોનો સંસાર સ્વર્ગ બને તે શીખાવવા મારી ઈચ્છા છે. તે માટે મારી ઈચ્છા તમારે ત્યાં અવતરવાની છે તેથી તમે લગ્ન કરો.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું, ગૃહસ્થાશ્રમનું મને મન નથી, પણ આપ મારે ત્યાં અવતરવા ઈચ્છો છો તો આપની ઈચ્છા પ્રમાણે વર્તવું એ જ દાસનો વિવેક

છે. આપનાં દર્શન કરું ને આપનો પ્રસાર કરું આ બે વસ્તુ મને બહુ ગમે છે.

છેલ્લું વાક્ય સાંભળી પ્રભુએ કહ્યું, પ્રિય વલ્લભ, તમારી ઈચ્છા એ જ મારી ઈચ્છા. તમારા દ્વારા એ કાર્ય બહુ સમય ચાલે એ મારી ઈચ્છા છે અને તે માટે મારી ઈચ્છા તમારે ત્યાં અવતરવાની છે.

શ્રીવલ્લભે કહ્યું, ભલે, આપ આજ્ઞા કરો છો તો હું લગ્ન કરવાનું સ્વીકારીશ પણ કલિયુગ શરૂ થયો ત્યારથી આપણા સનાતન ધર્મના મોટા મોટા આચાર્યોમાંથી કોઈએ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો નથી. તો શા માટે મને આજ્ઞા કરવામાં આવે છે ?

પ્રભુએ ઉત્તર આપ્યો, બુદ્ધાવતાર પછી સનાતન ધર્મના કોઈ આચાર્યશ્રીએ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો નથી તે વાત બરોબર છે પણ એ કંઈ રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો એ છે કે આચાર્ય પોતે ધર્મપૂર્વક ગૃહસ્થધર્મનું પાલન કરે. વળી ધર્મ અને ભક્તિના સંસ્કારો શિષ્યપરંપરા કરતાં વંશપરંપરાથી સારી રીતે સચવાય તેમ છે, તેથી પુત્રને વેદમાં પિતાનું રૂપ કહ્યું છે. પૂર્વે જે મોટા મોટા ઋષિઓ અને ભગવદ્‌ભક્તો થયા તે બધામાં ઘણાખરા આદર્શ ગૃહસ્થાશ્રમી હતા. અત્યારના યુગમાં સાધુ, સૂરિ, સંન્યાસી કે બાવા બનવા કરતાં ધર્મપૂર્વક ગૃહસ્થધર્મનું પાલન જરૂરનું છે. તે આદર્શપાલન ભગવાનની ભક્તિ-સેવામાં અત્યન્ત સહાયક છે અને તે દ્વારા આદર્શ ગૃહને એક પવિત્ર મંદિર બનાવી શકાશે. વળી સાધુ-સંન્યાસી વગેરેમાંથી ઘણા ખરા તો પ્રજાને ભારરૂપ છે. પ્રજાનો મોટો ભાગ ગૃહસ્થાશ્રમી છે. આ વખતમાં લોકોનાં જીવન કઈ રીતે સુખી થાય ? કઈ રીતે તેઓ આદર્શ જીવન ગાળે ? તે માટે લોકશિક્ષણની આવશ્યકતા છે. બસ તે આદર્શ સ્થાપવાની મારી ઈચ્છા છે. વળી મારે અવતાર લેવામાં આ સિવાય પણ બીજાં કારણો છે. માટે તમે લગ્ન કરો એવી મારી ઈચ્છા છે.

આથી શ્રીમહાપ્રભુજીએ કહ્યું, જેવી આપની આજ્ઞા, પણ મારી વય બાવીસ વર્ષની છે. આજ કાલ પુત્ર-પુત્રી આઠ વર્ષના થતાં તો લગ્ન કરવામાં આવે છે. તો આવડી ઉંમરે મને કોણ કન્યા આપશે ?

પ્રભુએ પધારતાં છેલ્લે કહ્યું, એ ચિંતા તમે ન કરશો. મારી ઈચ્છાથી સૌ સરળ બનશે.

ઉપર કરેલા સંવાદને શ્રીમૂલપુરુષમાં ગો.શ્રીદ્વારકેશલાલજી આ રીતે રજૂ કરે છે.

ફેરિ પંઢરપુર જબ આયે, શ્રીવિઠ્ઠલનાથ કરિ મન ભાયે
કરી વિવાહ બહુ રૂપ દિખાયો, મેરો નામ સુવન કો ધરાઓ
ધરો ચિત્તમેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો
મે કહ્યો દ્વિજ આય બિનતી કરે ચરણ સમોયગો

## શ્રીમહાપ્રભુજીએ સ્વીકારેલો ગૃહસ્થાશ્રમ

બીજી ભારતયાત્રા પૂરી થયા બાદ શ્રીવલ્લભ કાશી પધાર્યા. કાશીમાં દેવન ભટ્ટ નામે એક તૈલંગી બ્રાહ્મણ હતા. તેઓ શ્રીમહાપ્રભુજીના જ્ઞાતિના હતા. તેઓ વિદ્વાન પવિત્ર અને સદાચારી હતા. તેમના પત્નીનું નામ અત્રિમા હતું. તે પણ પતિવ્રતા સન્નારી હતાં. તેમને શીલ, રૂપ અને તપની મૂર્તિ સમી સુકુમાર અને ચંદ્રમુખી પુત્રી હતી. તેનું નામ મહાલક્ષ્મીજી હતું. તે બાર વર્ષની થઈ પણ યોગ્ય વર ન મળ્યો. મા-બાપને ભારે ચિંતા હતી.

એક દિવસ આ પતિ-પત્નીને ભગવાને સ્વપ્નમાં આજ્ઞા કરી કે અહીં શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ થોડા સમયમાં પધારશે તેમની સાથે તમારી પુત્રની લગ્ન કરજો.

શ્રીલક્ષ્મણભટ્ટજીના કાશીનિવાસ વખતે તેઓ બ્રાહ્મણ તથા ઈતર સમાજોમાં સુપ્રસિદ્ધ હતા. શ્રીવલ્લભનો વિદ્યાભ્યાસ પણ કાશીમાં થયેલો. તેથી આ દંપતી શ્રીવલ્લભને ઓળખતા હતા. બંને માતૃચરણ ઈલ્લમાગારુને મળ્યા. શ્રીવલ્લભ સાથે પોતાની પુત્રીના વિવાહની ઈચ્છા દર્શાવી. શ્રીવલ્લભે પણ માતૃચરણને પ્રભુએ કરેલી આજ્ઞાની વાત કરી. સંવત ૧૫૫૮ માં અષાઢ સુદ પાંચમે કાશી મુકામે તેમનાં લગ્ન થયાં.

લગ્ન બાદ બીજી ભારતયાત્રામાં શ્રીવલ્લભ પધાર્યા. આપ વ્રજમાં પધાર્યા, ત્યાં વૃંદાવનમાં આપને વિશેષ અનુભવ થયો. જેનું વર્ણન કરતાં ગોપાલદાસજી દ્વિતીયાખ્યાનમાં ગાય છે :

રંગે તે રમતા દીઠડા, બળદેવ શ્રીગોવિંદ ।
એ પુત્રભાવે પ્રગટશે, મન ઉપનો આનંદ ॥ ૨૩ ॥

શ્રીવલ્લભે વૃંદાવનમાં બલદેવજી તથા શ્રીગોવિંદજીને બાલભાવથી ખેલતા જોયા. આપશ્રીને મનમાં એ આનંદ થયો કે આ બંને પુત્રભાવે મારે ત્યાં પ્રગટીને બાલલીલાનું સુખ આપશે.

ત્રીજી ભારતયાત્રા પછી શ્રીવલ્લભે કાશીથી અડેલ નામના રમણીય સ્થાનમાં સ્થિરવાસ કર્યો. અલ્હાબાદ પાસે ગંગાયમુનાના સંગમસ્થાનની નજીક આ સ્થળ આવેલું છે. ત્યાં ઝૂંપડી બાંધી શ્રીવલ્લભે ગૃહસ્થાશ્રમની શરૂઆત આપના એકત્રીસમા વર્ષથી કરી.

શ્રીમૂલપુરુષમાં ગો.શ્રીદ્વારકેશલાલજી લખે છે :

હસી કહ્યો સહકુટુંબ આવો, નિકટ રહી સેવા કરો
માનિ બચન પ્રમાણ કીનો, સાસરે દિશ પગ ધર્યો - ૧૯
કછુક દિન રહી સંગ લે આયે
બસે અડેલમેં નિજ હરખાયે.

## શ્રીગોપીનાથજીનું પ્રાગટ્ય

શ્રીમહાપ્રભુજીએ અડેલમાં ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો તે પછી થોડા સમય બાદ શ્રીમહાલક્ષ્મીને શ્રીઠાકોરજી શુભસંકેતો જણાવવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીએ આ સંકેતોનું અર્થઘટન આપ્યું કે નજીકના ભવિષ્યમાં શ્રીઠાકોરજી પ્રગટશે.

તે મંગલ દિવસ પણ આવ્યો. શ્રીમહાપ્રભુજીના નિવાસસ્થાનમાંથી કૃષ્ણ નામનો મધુર ધ્વનિ સતત વહેતો હતો. નિવાસસ્થાનની આજુબાજુ પીપળો, વડ વગેરેનાં ઊંચા વૃક્ષો હતાં. શ્રીવલ્લભના નિવાસમાંથી નીકળતા કૃષ્ણ નામના મધુર ધ્વનિને તેઓ દૂર દૂર ફેલાવી રહ્યા હતા. વૃક્ષોની વચ્ચે તુલસીનો વિસ્તૃત સમૂહ હતો. વચ્ચે ગોબરથી ભૂષિત એક વિશાળ ચોક હતો. આજ તે માનવમહેરામણથી ઊભરાઈ રહ્યો હતો. દરેકે ગળામાં તુલસીની કંઠી તથા લલાટમાં વૈષ્ણવી તિલક કર્યું હતું. આ બધા શ્રીમહાપ્રભુજીના સેવકો હતા. તેઓ પણ કૃષ્ણકીર્તનમાં તલ્લીન હતા. પક્ષીઓ કુંજી રહ્યાં હતાં. ભ્રમરો ગુંજી રહ્યા હતા. અલૌકિક દિવ્ય વાતાવરણ હતું. ત્યા જ બધાને મંગલ વધાઈ મળી કે શ્રીમહાપ્રભુજીને ઘરે શ્રીમહાલક્ષ્મીજીની કુખે પુત્રરત્નનું પ્રાગટ્ય થયું છે. બધાના હ્રદયમાં ભક્તિભાવ હિલ્લોળા લેતો હતો. દરેકના હ્રદયમાં કૃષ્ણજન્મોત્સવનો આનંદ છવાઈ ગયો. તે મંગલ દિન હતો સંવત ૧૫૬૭ નો ભાદરવા વદ બારસનો શુભ દિવસ અને આ બાળક તે જ આપણા ચરિત્રનાયક શ્રીગોપીનાથજી. આપશ્રીના પ્રાકટ્ય વખતે શ્રીવલ્લભની સેવકસૃષ્ટિના પ્રત્યેક ઘરમાં આનંદ થઈ રહ્યો છે. બધા પરસ્પર વધાઈ આપે છે કે શ્રીવલ્લભના ગૃહમાં શ્રીગોપીનાથ કુંવરજીનું પ્રાગટ્ય થયું છે. શ્રીગોપીનાથજી બધાને સુખ આપનારા છે (વ્રજ) આસો વદ બારસનો દિવસ ધન્ય છે. તે વેળાનાં નક્ષત્રો પણ ધન્ય છે. દિવસ અને નક્ષત્રો શોભી રહ્યાં છે. ભક્તજનોને ધન્ય છેકે આજે તેમનાં ભાગ્ય વિસ્તર્યાં છે. માતા અક્કાજીની કૂખને ધન્ય છે. ઘરે ઘરે મંગલ કલશો દ્વાર પર શોભી રહ્યા છે. દ્વાર પર તોરણો બંધાયાં છે. વ્રજવધૂઓ ગાન કરતી હાથમાં કુમકુમ અને અક્ષત ભરેલો થાળ લઈને આવી પહોંચી છે. આવીને બાળકને તિલક કરે છે. બાળકનાં શ્રીમુખનાં દર્શન કરે છે. આરતી કરે છે. રાઈલોન બાળકના શુભ માટે વારે છે. આ વ્રજવધૂઓ આ બાળકને આશિષ આપે છે કે યુગો સુધી રાજ કરો. આ વખતે ત્રિભુવનમાં જયજયકાર થઈ રહ્યો છે. દેવો દુંદુભિ વગાડી રહ્યા છે. આ લીલાનાં દર્શન કરતાં કૃષ્ણદાસજી કહે છે કે હું તો શ્રીવલ્લભસુતના ચરણકમલની રજ છું. મને ન્યોછાવર પ્રાપ્ત થઈ ગઈ છે.

### વધાઇ (રાગ સારંગ)

ઘરઘર આનંદ હોત બધાઈ ।
શ્રીવલ્લભ ગૃહ પ્રગટ ભયે હૈ ગોપીનાથ કુંવર સુખદાઈ ।। ૧ ।।
ધનિધનિ અશ્વિન વદિ દ્વાદશી દિન ધનિ ધનિ વાર નક્ષત્ર સુહાઈ ।
ધનિ ધનિ ભાગ્ય ખુલે ભક્તન કે ધનિ ધનિ કૂખ અક્કાજુ માઈ ।। ૨ ।।
મંગલ કલશ વિરાજત દ્વારે ઘર ઘર તોરનમાલ બંધાઈ ।
કુમકુમ અચ્છત થાર હાથમેં લે લે ગાવત વ્રજવધૂ આઈ ।। ૩ ।।
ટીકો કરત નિહારત શ્રીમુખ વારતિ આરતિ લોન કરાઈ ।
જુગ જુગ રાજ કરો યહ ઢોટા દેત અસીસ સબૈ મન ભાઈ ।। ૪ ।।
જય જયકાર ભયો ત્રિભુવનમેં દેવન દુંદુભિ નાદ બજાઈ ।
શ્રીવલ્લભસુત ચરન કમલરજ કૃષ્ણદાસ નોછાવર પાઈ ।। ૫ ।।

બધાને એમ જ લાગ્યું કે જેમ શ્રીનંદબાબાને ત્યાં શ્રીબળદેવજી પ્રથમ પધારેલા તેમ અહીં પણ શ્રીપ્રભુ પધાર્યા છે. ગોપાલદાસજીને બલદેવજી સહિત શ્રીકૃષ્ણ શ્રીવલ્લભને ત્યાં પ્રગટ થયા, તેનો પ્રત્યક્ષ અનુભવ થયો. તેનું સ્પષ્ટ વર્ણન દ્વિતીય આખ્યાનમાં કરે છે :

બલદેવ શ્રીગોપીનાથ કહિયે, શ્રીવિઠ્ઠલ નંદનંદ ।
એ વેદપથ વિસ્તારશે, જન આપશે આનંદ ।। ૨૪ ।।

શ્રીગોપીનાથજી બળદેવ સ્વરૂપ છે. શ્રીવિઠ્ઠલ, શ્રીકૃષ્ણ સ્વરૂપ છે. આ બંને સ્વરૂપે વેદપ્રતિપાદિત પુષ્ટિમાર્ગનો વિસ્તાર કરશે અને જન્મમરણથી દુઃખી એવા દૈવી જીવોને આનંદ - અગણિતાનંદરૂપ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવશે. શ્રીમૂલપુરુષમાં ગો.શ્રીદ્વારકેશલાલજી આ જ વાત લખે છે :

સંવત પંદ્રહા સડસઠ આયો
આસો વદિ દ્વાદશી શુભ ગાયો

ગાયો શ્રીગોપીનાથજી, જબ જન્મ લીનો આયકે
જાનિ બલકો રૂપ હરખિત, દેત દાન બઢાયકે

**શ્રીગોપીનાથજીની વધાઇનું પદ :**

### વધાઇ (રાગ નટ)

લછમન સુત ઘર બજત બધાઈ ।
પ્રગટે ગોપીનાથ પ્રથમ સુત સંકરષન વપુ માઈ ।। ૧ ।।
છંદરૂપ નરરૂપ મનોહર કીનો જગ દરસાઈ ।
કોટિ અનંગ રોમરોમન પ્રતિ મહિમા વેદન ગાઈ ।। ૨ ।।
અતિ ઉદાર કરુનામય અચ્છર ઉગ્ર પ્રતાપ સહાઈ ।
ઐસે જાન સરન આયો યહ રસિકદાસ સિર નાઈ ।। ૩ ।।

**સરળ ભાવાર્થ :-** શ્રીલક્ષ્મણ સુત (શ્રીવલ્લભ)ના ઘરે વધાઈ થઈ રહી છે. આપશ્રીના ત્યાં પ્રથમ પુત્ર પ્રગટ્યા છે. નામ ગોપીનાથ છે. સંકર્ષણ વપુ છે. ગુણગાન કરવા યોગ્ય મનોહર નરરૂપ જગતને દર્શાવી રહ્યા છે. આપના પ્રત્યેક રોમમાં કરોડો કામદેવ છે. વેદો મહિમા ગાન કરી રહ્યા છે. આપશ્રી અતિ ઉદાર છે. કરુણામય છે. અક્ષર બ્રહ્મના ઉગ્ર પ્રતાપ રૂપ છે. રસિકદાસ કહે છે કે શ્રીગોપીનાથજીના આવા ગુણો જાણી હું આપને શરણે ગયો છું. આપશ્રીને નમન કરું છું.

### વધાઇ (રાગ નટ)

વલ્લભ સુત પ્રથમ પ્રગટે લીલારસ ભાવ ગુપ્ત જૈ જૈ શ્રીગોપીનાથ ભક્તન સુખદાઈ । ગાવત હૈં વેદચાર તો હૂં નહીં આવે પાર મહિમા કોઉ કહિન સકે વિપ્ર વંસરાઈ ।। ૧ ।।

પુષ્ટિપથકરન કાજ પ્રગટે હૈ ભૂમિ આજ ગાવત સબ વ્રજજન મિલ

મંગલમય વધાઈ । હરિદાસ વંસ ગાવે બહુત કછુ બધાઈ પાવેદેખત તિરલોકી જન સબ બલિ-બલિ જાઈ ।। ૨ ।।

**સરળ ભાવાર્થ :** શ્રીવલ્લભના પ્રથમ પુત્ર પ્રગટ્યા છે. આપશ્રીના લીલારસ ભાવ ગુપ્ત રીતે બિરાજે છે. આપશ્રી ભક્તોનું સુખ કરનારા છે. આપશ્રીનો જય થાવ. ચાર વેદો આ સ્વરૂપનું ગાન કરે છે તોય આપશ્રીના મહિમાનો પાર આવે તેવો નથી. આપ વિપ્રવંશના શિરોમણિ છે. પુષ્ટિપથ માટે આપ આજ ભૂમિ પર પ્રગટ્યા છે. બધા વ્રજજનો ભેગા મળી મંગલ વધાઈ ગાઈ રહ્યા છે. હરિદાસજી આ રીતે પોતાની જાતને શ્રીવલ્લભકુળના ઢાઢી ગણાવી રહ્યા છે. ગાન કરતાં કંઈક વધાઈ પ્રાપ્ત થઈ. ત્રણેય લોકના જનો આ જોઈ રહ્યા છે અને વારી જાય છે. ન્યોછાવર કરે છે.

## શ્રીગોપીનાથજીનાં જાતકર્મ અને નામકરણ

શ્રીવલ્લભને આ બાળકમાં હલધરનું રૂપ દેખાયું. ગુણીજનોને બોલાવ્યા. જન્મ વખતના ગ્રહો વગેરેનો અભ્યાસ તે બધાએ કર્યો. મનમાં ખૂબ હરખ થયો. કુલપુરોહિતને હરખથી બોલાવ્યા. સ્વસ્તિવાંચન થયું, જાતકર્મ કરાવ્યું અને ગોપીનાથજી નામ ધર્યું. વિપ્રોએ મંગલ મંત્રોચ્ચાર કરી બાળકને આશિષ આપી. શ્રીવલ્લભે તેમને ખૂબ દક્ષિણા આપી. યાચકોની મનોવાંછના પૂર્ણ કરી તેમને અજાચક બનાવી દીધા. ઉદારતાથી દરેકને ખૂબ દાન આપ્યાં. આ રીતે શ્રીઅડેલમાં ચારે બાજુ આનંદ ખૂબ વૃદ્ધિ પામ્યો. અડેલમાં સમાયો નહીં. આ આનંદને વરસવા માટે બીજી કોઈ જગ્યા ન મળી. ચરણાદ્રિ પર તે આનંદ વરસ્યો (ભવિષ્યમાં શ્રીગુસાંઈજીનું ત્યાં પ્રાગટ્ય થવાનું છે તેથી) ઘરે ઘરે તોરણ અને માળા બંધાયાં છે. જૈ જૈ નો ઘોષ થાય છે. સર્વત્ર હરખ છે.

### વધાઈ

અશ્વિન વદિ દ્વાદશી સુભન દિન શ્રીલક્ષ્મણ સુતકે સુત જાયો । હલધર રૂપ દેખિ શ્રીવલ્લભ મહાગુનજ્ઞ ગનિક બુલવાયો ।। ૧ ।। લગ્ન સધાય સબૈ ગ્રહ સુન્દર મન હિ મન અતિ હરખ બઢાયો । કુલ પ્રોહિત બુલવાય હરખ સોં મંત્ર સ્વસ્તિ વાચન પઢવાયો ।। ૨ ।। જાતકર્મ અરુ નામકરન કરિ ગોપીનાથ નામ ધરવાયો । દેત અસીસ વિપ્ર શ્રીવલ્લભ દીનો મન ભાયો ।। ૩ ।। મંત્રન પઢિ કિયો અજાચક સકલ ગુનિનકો મનવાંછિત પૂરન કરવાયો । અતિ ઉદાર શ્રીલછમન નંદન દેત દાન સબહિન મન ભાયો ।। ૪ ।। શ્રઅડેલ પુરમે અતિ આનંદ ચહુંદિસ ઉમગ્યો નાહિ સમાયો । બરસ્યો આપ ચરન આદ્રિ પર અનત ઠૌર કાહુ નાહિ પાયો ।। ૫ ।। ઘર ઘર તોરન બંદનમાલા જૈ જૈ ધુનિન હરખ ઉપજાયો । રસિકદાસ અતિ દીનહીન મતિ કહા જાને રસના રસ ગાયો ।। ૬ ।।

## વિદ્યાભ્યાસ

શ્રીગોપીનાથજી આઠેક માસના થયા ત્યારે ચરણાટના રાજાએ ખાસ આગ્રહથી શ્રીમહાપ્રભુજીને તેડાવ્યા. માગશર વદ નોમ વિ.સં.૧૫૭૨માં અહીં શ્રીગુસાંઈજીનું પ્રાક્ટય થયું. શ્રીગોપીનાથજીની પ્રાકટ્યવધાઈમાં વર્ણન છે - શ્રીઅડેલપુરમેં અતિ આનંદ ચહું દિસ ઉમગ્યો નાહિ સમાયો । બરસ્યો આય ચરનઅદ્રિ પર અનત ઠૌર કાહૂ નહિં પાયો ।।

શ્રીમહાપ્રભુજી ચરણાટમાં એકાદ વર્ષ બિરાજ્યા. પુનઃ અડેલ પધાર્યા. શ્રીગોપીનાથજી હવે ચાર વર્ષના થયા હતા. શ્રીવલ્લભ પરિવાર સહિત વ્રજમાં પધાર્યા. શ્રીગોપીનાથજીને શ્રીનાથજીનાં દર્શન અને ચરણસ્પર્શ કરાવ્યાં. પાછા અડેલ પધાર્યા.

શ્રીગોપીનાથજીની પાંચ વર્ષની ઉંમરે કાશીમાં યજ્ઞોપવીત સંસ્કાર થયા. હવે શ્રીવલ્લભે તેમને વિદ્યાભ્યાસ કરાવવાની શરૂઆત કરી. શ્રીવલ્લભે તેમને અણુભાષ્ય વગેરે વેદાંત ગ્રંથો શીખવ્યા. વિવિધ વેદાંત અને ભાષ્યોના અભ્યાસ માટે તેમને પંદર વર્ષની વયે કાશી મોકલ્યા. અહીં તેમણે શ્રીમાધવ

સરસ્વતી નામના શાંકરપીઠના આચાર્ય પાસે વિદ્યા પ્રાપ્ત કરી. શ્રીમાધવ સરસ્વતી મહાન વિદ્વાન હતા. ભક્ત પણ હતા.

શ્રીગોપીનાથજી વિચક્ષણ, વિદ્યારસિક, બુદ્ધિશાળી તથા તેજસ્વી વિદ્યાર્થી હતા. મૂળથી જ તેમનું જીવન શ્રીમહાપ્રભુજીના હાથે ઘડાયેલું, આથી થોડા સમયમાં તેમણે ચીવટથી વિદ્યાભ્યાસ કરી લીધો. વિ.સં.૧૫૮૫ માં અડેલ પાછા ફર્યા.

## બાલ લીલા પ્રસંગ -૧

તેમને શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે જીવવાનો તથા વર્તવાનો શોખ હતો. આથી જ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કઠોર તપવાળું સંયમી જીવન જીવતા. સેવા, સ્વાધ્યાય અને સ્મરણમાં રસ લેતા. બ્રહ્મમુહૂર્તમાં ઊઠી શૌચાદિથી પરવારી ભગવત્સ્મરણ કરવું એ તેમનો સ્વાભાવિક નિયમ હતો. શિયાળાના દિવસો હતા. શ્રીમહાપ્રભુજીને બ્રહ્મમુહૂર્તમાં પ્રભુસેવા માટે ઊઠવાનો નિયમ હતો. પિતાને જાગેલા જોઇ શ્રીગોપીનાથજી પણ જાગ્યા. સ્નાન કરી પિતાજી પાસે હાજર થયા. તેમની આ શિસ્તથી શ્રીવલ્લભ ખુશ થયા અને શ્રીઠાકોરજીને જગાડવાની આજ્ઞા કરી. શ્રીગોપીનાથજી મંદિરના દ્વાર પાસે પહોંચ્યા. ધીમેથી કમાડ ખોલ્યાં, અંદર જઇને જોયું કે પ્રભુ તો નિદ્રાવશ છે. પ્રભુને જગાડવા કે નહીં તેની સમજ ન પડી, શાસ્ત્રાજ્ઞાનુસાર પ્રભુને બ્રાહ્મમુહૂર્તમાં જગાડવા જોઇએ, કારણ સૂર્યોદય પછી નિદ્રા શાસ્ત્રસંમત નથી. તેઓ પિતાજી પાસે ગયા અને કહ્યું, શ્રીઠાકોરજી ભરનિદ્રામાં છે. તો હવે જગાડવા શું કરવું ? શ્રીમહાપ્રભુજીએ સમજ આપી તાળી પાડી જગાડો ! આથી તેઓ શ્રીઠાકોરજી પાસે આવી તાળી પાડી કહેવા લાગ્યા .

ઉદેતિ સવિતા નાથ પ્રિયયા સહ જાગૃહિ ।
અંગીકુરુષ્વ મત્સેવાં સ્વકીયત્વેન માં વૃણુ ॥

આપશ્રી રચિત સેવાશ્લોકમાં શ્લોક છે.

હે પ્રભુ ! સવિતાદેવ હવે ઉદય પામશે. આપ કૃપા કરી શ્રીસ્વામિનીજી સાથે જાગો, અમારી સેવાનો અંગીકાર કરો અને મને પોતાનો કરી સ્વીકારો. આમ કરતાં પ્રભુ જાગ્યા. શ્રીગોપીનાથજીનું હૃદય આનંદથી ભરાઇ ગયું. શાસ્ત્રમર્યાદા સચવાઇ અને પ્રભુ જાગ્યા તેથી આનંદ થયો. આ પ્રસંગ વખતે તેઓ પાંચ વર્ષના હતા.

## પ્રસંગ -૨

દામોદરદાસ સંભરવાળા કનોજમાં રહેતા. તે શ્રીમહાપ્રભુજીના સેવક હતા. શ્રીમહાપ્રભુજીએ તેમના માથે શ્રીદ્વારકાધીશજીની સેવા પધરાવી આપી હતી. તેઓ પાસે સંપત્તિ પણ ખૂબ હતી, તેમની દેહ છૂટી. તેમના પત્નીએ શ્રીદ્વારકાધીશજી તથા સઘળો વૈભવ એક નાવમાં શ્રીમહાપ્રભુજીને ત્યાં અડેલ પધરાવ્યો. કોક વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને આ ખબર આપ્યા કે શ્રીદ્વારકાધીશજી વૈભવ સહિત પધાર્યા છે. આ વખતે બાલક શ્રીગોપીનાથજી ત્યાં ઊભા હતા. તેમણે કહ્યું, લક્ષ્મી સહિત નારાયણજી પધાર્યા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીઠાકોરજીનો વૈભવ જોઇ તમારું મન પ્રસન્ન થયું છે. ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું, ના પિતાજી, એવું નથી. એકવાર આપ પરમ ભગવદીય દામોદરદાસજીને ત્યાં પધારેલા ત્યારે હું પણ આપની સાથે હતો, તેમના સેવ્ય સ્વરૂપને જોતાં નજર ઠરી ગઇ. ચાર ભુજાવાળું આ સ્વરૂપ મને ખૂબ ગમ્યું, એક શ્રીહસ્તમાં કમળ, તપ્ત હૃદય ભક્તોને શાંતિ આપે. ભીજા શ્રીહસ્તમાં ગદા, દુષ્ટોને સદ્ધર્મેવાળે. ત્રીજા શ્રીહસ્તમાં સુદર્શન ચક્ર, હૃદયના અંધકારને દૂર કરે. ચતુર્થ શ્રીહસ્તમાં શંખ, દૈવી જીવોને આનંદ આપે. આવા સૌમ્ય સ્વરૂપને જોઇ તેની સેવાનો ભાવ બની આવ્યો અને કહ્યું કે આપનો થઇને શ્રીઠાકોરજીના વૈભવમાં મન કરે તેનો નિર્મૂલ નાશ જ થશે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીગોપીનાથજીના ભાવની સરાહના કરતાં કહ્યું, આપણો માર્ગ તો આવો જ છે. મારો વંશજ કે વૈષ્ણવ ભગવદ્ દ્રવ્યમાં આસક્તિ કરશે તેને કોઈ દિવસ અલૌકિક સુખ નહીં મળે.

શ્રીગોપીનાથજીને સેવારસિક મહાપુરુષ, બીજા રાજા અંબરીષ એવા દામોદરદાસ સંભરવાળા તથા બ્રહ્મા દ્વારા સેવાયેલ પુરાણપુરુષ શ્રીદ્વારકાધીશજીનું સ્મરણ થઈ આવ્યું. પ્રેમાશ્રુ આવી ગયાં અને મોટેથી શ્રીદ્વારિકાનાથાય નમઃ બોલીને જય પોકાર્યો.

## પ્રસંગ – ૩

શ્રીગોપીનાથજી ચૌદ વર્ષના થયેલા ત્યારે આપશ્રીના મનમાં વિચાર આવ્યો કે મારે કંઈક વિશેષ રીતે જીવન ગાળવું જોઈએ. મૂળથી જ આપશ્રીનું જીવન નિયમબદ્ધ હતું. પ્રભુસેવા સિવાયના સમયમાં શાસ્ત્રોનો અભ્યાસ અને નિરંતર ધ્યાનમાં તેમનો સમય જતો. શ્રીમહાપ્રભુજીને શ્રીભાગવતમાં ખૂબ પ્રીતિ છે તેવું આપ જાણતા હતા - આથી નક્કી કર્યું કે જ્યાં સુધી શ્રીભાગવતના ૧૮૦૦૦ શ્લોકોનો પાઠ ન થાય ત્યાં સુધી પ્રસાદ નહીં લેવો અને આપ પાઠ કરવા બિરાજ્યા. આ વખતે શ્રીવલ્લભ કાશી પધારેલા. મોટાભાઈનું જોઈ શ્રીગુસાંઈજી શ્રીભાગવતના દશમ સ્કન્ધનો પાઠ કરવા બિરાજ્યા. પ્રસાદ લેવા બેમાંથી કોઈ ઊભા ન થયા. માતૃચરણે ખૂબ સમજાવ્યું પણ ન માન્યા. બે ત્રણ દિવસ પછી શ્રીમહાપ્રભુજી અડેલ પાછા પધાર્યા. બે બાળકોની આ નિષ્ઠાથી ખૂબ આનંદિત થયા. આપે વિચાર્યું આ રીતે પાઠ કરતાં ઘણો સમય લાગે. દિવસો પણ થઈ જાય તો પછી શ્રીઠાકોરજીની સેવા તથા બીજાં આવશ્યક કામો ન થાય. આપશ્રીએ જુદી જુદી લીલાઓમાંથી એક હજારથી વધુ (૧૦૭૫) નામો તારવી શ્રીપુરુષોત્તમસહસ્ર નામ ગ્રંથ રચ્યો જેના પાઠ કરવાથી સમગ્ર શ્રીભાગવતના પાઠનું ફળ પ્રાપ્ત થાય.

આ રીતે દશમ સ્કન્ધની લીલાઓને બાલ, પ્રૌઢ તથા રાજલીલામાં વહેંચી ત્રિવિધનામાવલી ગ્રંથ લખ્યો. જેના પાઠથી પ્રભુમાં ક્રમશઃ પ્રેમ, આસક્તિ અને વ્યસન થાય છે.

શ્રીમહાપ્રભુજીએ બંને બાળકોને બોલાવી આ ગ્રંથો આપ્યા, તેનો પાઠ કરવાની આજ્ઞા કરવા કહ્યું. વળી સમજાવ્યું કે સેવા અને સ્મરણ વચ્ચે સમતુલન હોવું જોઈએ. એકલી સેવા કે એકલું સ્મરણ અપૂર્ણ છે.

## લગ્નજીવન :

સંવત ૧૫૮૫ માં શ્રીગોપીનાથજી અઢાર વર્ષના થયા. માર્ગીય આખ્યાયિકા પ્રમાણે શ્રીગોપીનાથજી, પિતૃચરણોની આજ્ઞાથી દક્ષિણમાં પધારેલા, ત્યાં આપશ્રીના કાકા શ્રીજનાર્દન ભટ્ટે શ્રીગોપીનાથજીનાં લગ્ન ત્યાં કરાવેલા. તેમના પત્નીનું નામ પાયમ્માજી હતું. લગ્નના ચાર વર્ષ બાદ શ્રીપુરુષોત્તમજીનું પ્રાગટ્ય થયું. બે પુત્રીઓનું પ્રાગટ્ય થયું. સંવત ૧૫૯૦ માં મોટા પુત્રી લક્ષ્મીજી તથા સંવત ૧૬૦૧ માં નાના પુત્રી શ્રીસત્યભામાજીનું પ્રાગટ્ય થયું.

## આચાર્યતિલક :

શ્રીમહાપ્રભુજીએ સંન્યાય ગ્રહણ કરવા અડેલ છોડ્યું. તે વખતે શ્રીગુસાંઈજી વયમાં નાના હોવાથી સમ્પ્રદાય સંચાલનનો ભાર શ્રીગોપીનાથજીને સોંપ્યો. શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કરી ત્યારે શ્રીગોપીનાથજી વીસ વર્ષના હતા.

## કુટુંબના વડીલ તરીકે શ્રીગોપીનાથજી :

પોતાના ત્રણ સંતાનોની દેખભાળ યથાર્થ રીતે કરતા. ત્રણેય બાળકોમાં

પણ સેવા તથા સ્મરણના સિદ્ધાન્તોનું સિંચન કર્યું. નાના ભ્રાત શ્રીગુસાંઇજીને પણ ખૂબ જ પ્રેમ આપ્યો. શ્રીગુસાંઇજીના લગ્ન શ્રીરુક્મિણીજી સાથે કર્યા. સારી રીતે લગ્નોત્સવ ઉજવ્યો.

શ્રીગોપીનાથજીના સ્વરૂપ તથા આપશ્રીના ભ્રાતૃત્વભાવ વિષે નવમા આખ્યાનમાં ગોપાલદાસજી ગાય છે :

શ્રીગોપીનાથજી સુહામણા નવજલ ઘન તનુ ભાણ રે રસના
સુખદાતા લઘુભ્રાતના, પૂરણ પુરુષ પ્રમાણ રે રસના

શ્રીવલ્લભના મોટા પુત્ર શ્રીગોપીનાથજી છે. આપ અત્યંત સોહામણા છો. મનોહર છો, આપશ્રીનું શ્રીઅંગ ચોમાસાના જલ ભરેલા વાદળની કાંતિ જેવું છે. તેઓ નાનાભાઇ શ્રીગુસાંઇજીને સુખ આપનારા છે. આપ સર્વગુણોથી પરિપૂર્ણ પૂર્ણપુરુષોત્તમ છો.

શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઇજી વચ્ચે બંધુ પ્રેમ ખૂબ જ સારો હતો. તેની નોંધ લેવી જ જોઇએ. બંને ભાઇઓએ રચેલા સાહિત્ય ઉપરથી આપણે એટલું કહી શકીએ કે શ્રીગોપીનાથજી વૈદિક મર્યાદામાં માનનાર ભક્ત હતા. આપશ્રીને શ્રીમહાપ્રભુજીની પ્રણાલિકા તથા શ્રીકૃષ્ણની ભક્તિમાં પૂર્ણ શ્રદ્ધા હતી. તો પણ તેમનું જીવન વેદાદિશાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે ઘડાયું હતું. તેમને અગ્નિહોત્રાદિક વૈદિક ક્રિયાઓમાં રસ પડતો. સેવા પછીનો સમય ગોપાલાદિ મંત્રોના અનુષ્ઠાનમાં અને યજ્ઞાદિક ક્રિયાઓમાં જતો.

શ્રીગુસાંઇજી એક દીન વિરહકાતર વ્રજની ગોપી જેવા પ્રેમાળ ભક્ત હતા. આપશ્રીને ભગવત્કીર્તન તથા ભગવત્કથામાં અત્યંત આસક્તિ હતી.

બંને ભાઇઓના જીવનમાં શાસ્ત્રમર્યાદા મુખ્ય હતી. છતાં શ્રીગોપીનાથજી શાસ્ત્રાજ્ઞાને આધીન હતા. જ્યારે શ્રીવિઠ્ઠલેશ ભાવને મુખ્યસ્થાન આપી શાસ્ત્રમર્યાદા સાચવતા.

આમ બંને ભાઇઓના અલગ જીવનવહેણ છતાં બંને વચ્ચે અતૂટ પ્રેમ હતો. શ્રીવિઠ્ઠલેશ મોટાભાઇને લખેલ પત્રને જોતાં તે સમજાય છે કે મોટાભાઇ માટે આપને સંપૂર્ણ માન હતું. તેઓ શ્રીગોપીનાથજીને પૂજ્ય બુદ્ધિથી જુએ છે. શ્રીગુસાંઇજીએ શ્રીગોપીનાથજીને પત્ર લખેલો. સંસ્કૃતમાં લખાયેલા આ પત્રનું ગુજરાતી ભાષાંતર નીચે પ્રમાણે છે :

સ્વસ્તિ શ્રીનવનીતપ્રિયજી, શ્રીમથુરાનાથજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીગોવર્ધનધર શ્રીવિઠ્ઠલેશ્વર, શ્રીમદનમોહનજીના ચરણકમલમાં અનુચર-સેવકના પ્રણામો નિવેદ કરશો.

સ્વસ્તિ શ્રીમદ્ મોટાભાઇના ચરણકમલમાં નાના વિઠ્ઠલના કરોડો પ્રણામો ને આ પત્ર દૂત નિવેદન કરે છે. અહીં સર્વ કુશળ છે. આપના કુશળની ઈચ્છા રાખું છું.

હું ભગવાનની આજ્ઞાથી રાસોત્સવ પર્યન્ત શ્રીગોવર્ધનધરણના ચરણારવિન્દ પાસે રહ્યો છું. અહીં મને બહુ અસ્વાસ્થ્ય થયું. દશ ઉપવાસ કર્યા. હવે ભગવાનની કૃપાથી અને આપની કૃપાથી નીરોગિતા થઇ છે. કંઇ પણ ચિંતા કરશો નહીં. અક્કામાજી, અમ્માજી અને અત્તાજીને પ્રણામ. મારું અસ્વાસ્થ્ય સાંભળીને અક્કામાજીને દુઃખ ન થાય તેમ કરશો. ભગવાન સર્વત્ર (રક્ષક) છે. તેથી આપ મારી કાંઇ પણ ચિંતા કરશો નહિ. યાદવેન્દ્રપુરી, બ્રહ્માનન્દ દીક્ષિત, હરિહર સર્વને નમસ્કાર. વિષ્ણુદાસાદિ સર્વને આશીર્વાદ. અત્રેના વૈષ્ણવોના પ્રણામ.

હે સખી, જ્યારે વિલાસ પ્રભુ નિકુંજમાં સ્વપ્રિયાજી સહ પ્રમોદ વડે નિર્ભર ક્રીડા કરે છે, ત્યારે એકમેકની પ્રભા અન્યોન્ય વસ્ત્રાચ્છાદન થઇ રહી છે.

આ પત્રમાં શ્રીગુસાંઇજીનો પ્રભુમાં દૃઢ આશ્રય તથા મોટાભાઇ માટે અનહદ પૂજ્યભાવ દેખાય છે.

મોટાભાઈમાં રહેલા સામર્થ્યનો અનુભવ પણ શ્રીગુસાંઇજીએ કર્યો છે. આથી જ મોટાભાઈની સ્તુતિ કરતાં મંગલાચરણ કરે છે :

યદનુગ્રહતો જન્તુઃ સર્વ દુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્ વલ્લભનંદનમ્ ॥

જેમની કૃપાથી પ્રાણીમાત્ર, સર્વ દુઃખોથી પર થાય, તે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પુત્ર (શ્રીગોપીનાથજી)ને હું (શ્રીવિઠ્ઠલનાથજી) સદા વંદન કરું છું.

**આચાર વિચાર અને પ્રચારના ત્રિવેણીયુક્ત ગુરુ તથા આચાર્ય શ્રીગોપીનાથજી :**

ગુરુનાં લક્ષણો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યાં છે.

કૃષ્ણસેવા પરં વીક્ષ્ય, દંભાદિરહિતં નરઃ ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં, ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્ ॥

શ્રીકૃષ્ણસેવાપરાયણતા તો આપશ્રીમાં બાલ્યાવસ્થાથી જ જોવામાં આવે છે. (પ્રભુને તાળી પાડીને સ્તુતિ કરીને જગાડ્યા તે પ્રસંગથી) જીવનભર શ્રીકૃષ્ણસેવાનો ક્રમ રહ્યો છે. આપ આચાર્ય બન્યા તે પછી શ્રીનાથજીની સેવા પણ આપશ્રીને પ્રાપ્ત થઈ. શ્રીનાથજીની સેવાપ્રણાલિકા આપે વધુ વ્યવસ્થિત કરી.

આપશ્રીનું જીવન એક ઋષિ જેવું હતું. આપશ્રીનું ગૃહસ્થ જીવન સરળતા, સાત્ત્વિકતા તથા ત્યાગથી પૂરિત હતું. વેદધર્મના માર્ગે ચાલવાનો આપશ્રીનો આગ્રહ આપણા સૌના માટે અનુસરણીય છે.

શ્રીમહાપ્રભુજીના આપશ્રી જ્યેષ્ઠ પુત્ર છે : પિતાના જ્ઞાન અને ત્યાગનો પ્રભાવ શ્રીગોપીનાથજીમાં દેખાય છે. વિશેષતઃ એકાંતવાસ કરતા હતા. નરાકાર પ્રભુની પ્રસન્નતા માટે શ્રીગોપીનાથજી સાચા અર્થમાં પ્રયત્નશીલ પુરુષ છે.

શ્રીભાગવત તરફ આપની રુચિ બાલ્યાવસ્થાથી જ રહી છે. શ્રીભાગવતનું શ્રવણ પિતાજી પાસેથી યથાર્થ કરેલું છે. ભગવાનને (તત્ત્વ) ઓળખાવનાર શબ્દ અને વાક્યના અર્થનો અને તાત્પર્યનો નિર્ણય તે સાચું શ્રવણ છે. સાંભળ્યા પછી સંદેહ વગર સ્પષ્ટ સમજવું (તત્ત્વને) એનું નામ શ્રવણ. આથી જ શ્રીગોપીનાથજી શ્રીભાગવતતત્ત્વને જાણે છે. આપશ્રીની કાનીથી જ આપણને શ્રીપુરુષોત્તમસહસ્ર નામ પ્રાપ્ત થયા. આમ આપશ્રીમાં શ્રીમહાપ્રભુજી અપેક્ષિત ગુરુનાં લક્ષણો બિરાજે છે.

## આપે લખેલા ગ્રન્થો :

વૈષ્ણવોએ કઈ રીતે વૈષ્ણવીજીવન જીવવું ? કઈ રીતે સેવા કરવી ? તેનું માર્ગદર્શન આપતો એક ગ્રંથ રચ્યો છે જે, સાધનદીપિકા નામથી ઓળખાય છે. વૈષ્ણવોએ જીવનના સોળ સંસ્કારો તેમ જ સંધ્યાવંદન, જપ, હોમ, સ્વાધ્યાય અને સેવા જેવાં નિત્યકર્મો કેવી રીતે કરવાં તે સારી રીતે સમજાવ્યું છે. આ ગ્રંથમાં આપે શ્રીમહાપ્રભુજીના તથા શાસ્ત્રોના ઘણા શ્લોકો મૂક્યા છે.

આપને રચેલો બીજો ગ્રંથ છે સેવાશ્લોકા : તેમાં શ્રીઠાકોરજીની સેવાના જુદા જુદા સમયના ભાવ અને લીલાઓનું નિરૂપણ છે. તે સાથે સેવા કરવાની રીત પણ બતાવી છે.

સૌંદર્યપદ્ય ની રચના પણ આપની છે તેવું કેટલાક વિદ્વાનો કહે છે કે કેટલાક તેને શ્રીગુસાંઇજીની પણ રચના કહે છે :

સૌંદર્યં નિજહૃદ્‌ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરૂપશ્ચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિયત્સાક્ષિકં
રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥ ૮ ॥

અન્વયાર્થ - **નિજહૃદ્‌ગતં** (શ્રીકૃષ્ણેઃ પોતાના હૃદયમાં રહેલા), **સ્ત્રી-ગૂઢ ભાવત્મકં** સ્ત્રીત્વ રૂપ ગૂઢ-ભાવાત્મક, **ચ** -અને, **પુનઃ** - વળી, **તદન્તર-ગતં** - તે (શ્રીસ્વામીનીજી) ના હૃદયમાં રહેલા, **પું-રૂપં** - પુમ્ભાવાત્મક - રૂપ, **પ્રકટિતં** - પ્રકટ કરેલા, **સૌંદર્ય** - સૌંદર્યને, **સ્વપ્રિયે** - પોતાના પ્રિય (શ્રીવલ્લભ)માં, **પ્રાવીવિશત્** - પ્રવેશાવ્યાં, (મુખ્ય શ્રીસ્વામિનીજી- રૂપ-સૌંદર્ય, સર્વ સૌંદર્ય યુક્ત શ્રીસ્વામિનીજીરૂપ, શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ ભગવદ્ ભાવાત્મક હોવાથી ભગવાનના હૃદયમાં રહેલું છે, ભગવદ્ હૃદયસ્થ સ્થાયિ-ભાવાત્મક શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. તે અતિગુપ્ત હોવાથી પ્રકટ નથી કહ્યું, કૃષ્ણે પ્રકટ કરેલા આ નિજ-હૃદગત્ સૌંદર્યને સ્વપ્રિય શ્રીવલ્લભમાં પ્રવેશાવ્યું. **પુનઃ** તે (શ્રીસ્વામિનીજી તથા વ્રજવાસીઓ) ના અંતર (હૃદય માં રહેલો જે ગૂઢભાવ, શૃંગાર-સ્થાયિભાવ-રૂપ ભગવાનનું પોતાનું પુંરૂપ છે તે પણ સ્વપ્રિય શ્રીવલ્લભમાં પ્રવેશાવ્યું. આમ, **ઉભયોઃ** (ભગવદ્ હૃદયસ્થ શ્રીસ્વામિનીજી અને ભક્ત હૃદયસ્થ ભગવાન) (સ્ત્રીભાવ તથા પુમ્ભાવ), બંનેનો, **સંશ્લિષ્ટૌ** - (સર્વ લીલાનુભવ-સહિત) સંયોગ થતા, **રસમયઃ** (શૃંગારઃ રસમય, **કૃષ્ણઃ** (સદાનન્દ) શ્રીકૃષ્ણ, **હિ** - જ, **બભૌ** (અધિક) -શોભ્યા, **તત્** - **સાક્ષિકં** - તે (સ્ત્રીભાવ અને પુંભાવરૂપ) ના (આધારરૂપ, મધ્યસ્થ, અનુભવ કરનાર) સાક્ષિ રૂપ, **તત્ ત્રિતયાત્મકં** - તે (સ્ત્રીભાવ, પુંભાવ અને સાક્ષી) ત્રણ (રૂપ) મય, **પરં**-સર્વોત્કૃષ્ણ, **વલ્લભં** (ભગવાનનું) પ્રિય (શ્રીમદ્ વલ્લભાચાર્યજી), **રૂપં** - રૂપ, (ભક્તોએ), **સદા** -નિત્ય, **અભિ ધ્યેયં** - ધ્યાન કરવું (આવશ્યક છે.)

**સરળ ભાવાર્થ** : (ભગવાને) પોતાના હૃદયમાં રહેલા સ્ત્રીત્વરૂપ ગૂઢ

ભાવાત્મક અને વળી તે (શ્રીસ્વામિનીજી) ના હૃદયમાં રહેલા પુમ્ભાવાત્મકરૂપ પ્રકટ કરેલા સૌન્દર્યને પોતાના પ્રિય તે (બે રૂપ) ના સાક્ષિરૂપ, (બે બહાર પ્રગટ થયેલા ભાવ તથા સાક્ષિરૂપ એમ) તે ત્રણ રૂપમય, સર્વોત્કૃષ્ટ, શ્રીવલ્લભાચાર્યજી - રૂપનું નિત્ય ધ્યાન કરવું જરૂરી છે. (પુષ્ટિપુલિનમાંથી સાભાર)

## કૃષ્ણભક્તિના સંદેશાને ફેલાવવા કરેલ ભારત પરિક્રમા :

બે ગ્રંથો લખ્યા પછી તેઓએ શ્રીમહાપ્રભુજીના અધૂરા કાર્યને આગળ ધપાવવાનો નિશ્ચય કર્યો. શ્રીકૃષ્ણભક્તિનો પ્રચાર તે શ્રીમહાપ્રભુજીને થયેલ લગ્નની આજ્ઞાનું એક કારણ હતું જ. ભારતની યાત્રા દરમ્યાન સૌ પ્રથમ આપ પૂર્વના પ્રદેશમાં પધાર્યા. એક ઉત્તમ આચાર્ય તથા વૈરાગ્યયુક્ત જીવન જીવનાર તરીકેની આપની ઉત્કૃષ્ટ છાપ હતી. હજારો વૈષ્ણવોએ તથા અન્ય માનવોએ તેમનો સુંદર સત્કાર કર્યો. ફરતાં ફરતાં શ્રીજગન્નાથપુરી થઈ આપ અડેલ પાછા પધાર્યા. આ યાત્રામાં આપને એક લાખ રૂપિયા ભેટ આવ્યા. આપની દ્રવ્યાસક્તિ મૂળથી જ નહતી, વળી આ પ્રથમ યાત્રા હતી તેથી કુલના નિયમ પ્રમાણે આ સઘળું દ્રવ્ય શ્રીગોવર્ધનનાથજીને ભેટ કરવાનું નક્કી કર્યું. અડેલથી આપ શ્રીગિરિરાજ પધાર્યા. અહીં શ્રીઠાકોરજી માટે ઉત્તમ પ્રકારના અલંકારો સુવર્ણ અને ચાંદીના વાસણો સિદ્ધ કરાવ્યાં અને ભેટ કર્યાં. ત્યારબાદ અહીં જ આપે શ્રીગોપાલમંત્રનું પુરશ્ચરણ સિદ્ધ કર્યું. પુરશ્ચરણ એટલે એક મંત્ર સવા કરોડ વખત અમુક નિયમથી અમુક સમયમાં જપવો. આવાં પુરશ્ચરણ સિદ્ધ કરનાર વ્યક્તિ પ્રભુનાં દર્શન અથવા પોતાની ઈચ્છા હોય તે સિદ્ધ કરી શકે છે. ત્યાર બાદ તેઓ પાછા અડેલ આવ્યા. આ વખતે આપશ્રીનું આયુષ્ય પચ્ચીસ વર્ષનું હતું. શ્રીઠાકોરજીને ભેટ કરવા ગયા ત્યારે શ્રીગુસાંઈજીને પણ સાથે લઈ ગયા હતા.

પૂર્વ ભારતની યાત્રા પછી આપે ઉત્તર ભારતની યાત્રા કરી. હવે તેમનું મન શ્રીદ્વારકાધીશનાં દર્શન માટે ઉત્સુક હતું. શ્રીમહાપ્રભુજીના શ્રીદ્વારકાધીશ સાથેના ભાવસંબંધથી તેઓ પરિચિત હતા. શ્રીમહાપ્રભુજી પણ દ્વારકા પધાર્યા

હતા.... આમ તેઓ ભારતના પશ્ચિમ ભાગની યાત્રા કરવા ગુજરાત પધાર્યા. અહીં અમદાવાદમાં બિરાજ્યા. ત્યાં જયકૃષ્ણ ભટ્ટ નામના સાચોરા ભક્તની ઘરવાડીમાં ઉતર્યા હતા. આ વખતે શ્રીમહાપ્રભુજીના ઘરે ઘણા ભક્તો શ્રીગોપીનાથજીને મળવા આવ્યા હતા. અહીં એક રાત્રે આપશ્રીને સ્વપ્ન આવ્યું કે નજીક કૂવામાં શ્રીમદનમોહનજીનું સ્વરૂપ છે. બીજા દિવસે સવારે તે સ્વરૂપ કૂવામાંથી બહાર પધરાવ્યું. આ દિવસે એક મોટો ઉત્સવ કરવામાં આવ્યો. ભક્તોએ આ વખતે પાદુકાનું પૂજન કર્યું. આ સ્વરૂપની સેવા રામદાસ નામના એક બ્રાહ્મણ વૈષ્ણવને સોંપી.

અમદાવાદથી આપ દ્વારકા પધાર્યા. ભગવાનનાં પ્રેમપૂર્વક દર્શન કર્યાં અને ભગવાનની સેવા કરવા લાગ્યા. અહીં આપશ્રીની ભક્તિને બહુ પોષણ મળ્યું. આથી થોડા માસ પર્યંત ત્યાં જ બિરાજ્યા. સંવત ૧૫૯૫માં કાશી પધાર્યા - શ્રીમહાપ્રભુજીના નિકટ પરિચયમાં આવેલા સાધુ મહાત્માઓનો સત્સંગ કરવા લાગ્યા, સાથે ભક્તિનો પ્રચાર પણ કર્યો. અહીં આપે દેવીદાસ ઉપાધ્યાયને પુરોહિત તરીકે સ્વીકાર્યાનો પત્ર લખી આપ્યો.

શ્રીજગન્નાથજી આપનું પ્રિયસ્થાન રહ્યું છે. કાશીથી આપ અહીં પધાર્યા. આ વખતે અહીંના એક બ્રાહ્મણ ગુચ્છીકાર કૃષ્ણસેવકને વૃત્તિપત્ર લખી આપ્યું હતું.

સંવત ૧૬૦૧માં શ્રીગોપીનાથજીએ સોમયાગ અને વિષ્ણુયાગ પણ કર્યા હતા. તેમણે ઉત્તર પ્રદેશ, પૂર્વ પ્રદેશ, ગુજરાત અને સિંધની વારંવાર યાત્રાઓ કરી પુષ્ટિમાર્ગનો પ્રચાર પ્રસાર કર્યો હતો.

## આપશ્રીના અન્ય ભગવત્સ્વરૂપ પરના ભાવના પ્રસંગો

એક સમય આપ આગ્રા પધાર્યા. એક વૈષ્ણવે સો સોનામહોરો ભેટ કરી. સિંહનંદથી વાસુદેવ છકડા તે વખતે આગ્રા આવ્યા હતા. શ્રીગોપીનાથજીએ

પૂછ્યું એવો કોઈ વૈષ્ણવ છે કે જે અડેલ જઈ શ્રીગુસાંઈજીને આ મહોરો આપી આવે ? ત્યારે વાસુદેવ છકડા તૈયાર થયા. રસ્તામાં ચોર લૂંટારાથી બચવા સંન્યાસી વેશ લીધો અને સોનામહોરોને લાખનો ગોળો બનાવી સંતાડી દીધી. શાલિગ્રામની પૂજા કરતા હોય તેમ રસ્તામાં તેના પર ચંદન ચઢાવતા. ચણા ફાકી લેતા. આમ કરતાં ત્રીજા દિવસે અડેલ પહોંચ્યા. લાખના ગોળાને તોડીને મહોર બહાર કાઢી શ્રીગુસાંઈજીને આપી. શ્રીગુસાંઈજી પાસેથી પહોંચ લઈ પાછા શ્રીગોપીનાથજી પાસે આવ્યા. શ્રીગોપીનાથજીએ પૂછ્યું, કઈ રીતે લઈ ગયા ? વસુદેવ છકડાએ બધી હકીકત કહી. ત્યારે આપશ્રીએ સમજ આપી લાખના ગોળાને શાલિગ્રામજીનો દેખાવ આપ્યો તે યોગ્ય ન કર્યું. શાલિગ્રામજી ભગવત્સ્વરૂપ છે. ભગવત્સ્વરૂપના બહાને લૌકિક કાર્ય ન કરવું. જેમાં એક વખત અલૌકિક ભાવ કર્યો તેમાં લૌકિક વ્યવહાર ન કરવો.

## એઈ તેઈ તેઈ એઈ કછુ ન સંદેહ

જેમ વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીમાં ભગવદ્દર્શન કર્યાં છે તે જ રીતે શ્રીગોપીનાથજી તથા શ્રીઠાકોરજીમાં પણ અભેદ છે. તે માટે આપશ્રીના પ્રમેયરૂપના કેટલાંક પ્રમાણો જોઈએ. ગોપાલદાસજી દ્વારા ગવાયેલી શ્રીગુસાંઈજીની વાણીનું પુનઃસ્મરણ કરીએ :

શ્રીગોપીનાથ સુહામણા નવજલ ધન તનુ ભાણ રે રસના
સુખદાતા લઘુભ્રાતના, પૂરણ પુરુષ પ્રમાણ રે રસના (વલ્લભાખ્યાન ૯-૩)

અહીં પૂર્ણ પુરુષ-સર્વ ગુણોથી પરિપૂર્ણ છે તે રીતે આપશ્રીની ઓળખ છે. નવું જલ ભરેલું શ્યામ વાદળ જેવું શરીર કૃષ્ણસ્વરૂપને યાદ કરાવે છે.

ઉપરની બે પંક્તિઓને ગો.વા.પ્રો. શ્રીનાગરદાસ બાંભણીયાજી આ રીતે સમજાવે છે. શ્રીગોપીનાથજી इति । मरकतमणादिव धनो धनत्वं गाढ ।

गाम्भीर्यम स्मिन्नस्तीति मरकतमणिधनवान । .... तस्मात् निपृत्तदोषेषु स्वीयेषु हर्षात् त्रितयधर्म दर्शनात् स्पष्टमेव पतितपावनत्वम्' इति । तस्माद् भ्रान्तत्वेन बलदेवरुपमेव वदन्ति ॥

આ સ્થલ પર ટીકા કરતાં શ્રીવ્રજરાયજી મહારાજ આજ્ઞા કરે છે કે :

શ્રીગોપીનાથજી મરકત મણિની માફક અતિ ગમ્ભીર એટલે કે અતિ શ્યામ છે, અથવા તો મરકત મણિની માફક તેજસ્વી છે, અને મેઘની માફક શ્યામ છે. ઉપરાંત આપ નાનાભાઈ શ્રીવિઠ્ઠલનાથજી એટલે શ્રીગુસાંઈજીને પણ સુખ દેનાર છે. તેમ વળી, આપ પૂર્ણ પુરુષોત્તમ હોઈ પરબ્રહ્મરૂપ તમે શબ્દબ્રહ્મરૂપ ઉભયરૂપ છે. અહીં આશય આ પ્રમાણે છે : જેમ શ્રીગુસાંઈજી તેમ શ્રીગોપીનાથજી પણ અત્યન્ત ગમ્ભીર છે. જો આ પ્રમાણે ન હોત એટલે કે, શ્રીગોપીનાથજી પૂર્ણ પુરુષોત્તમનું નહિં પરંતુ બલદેવજીનું પ્રાકટ્ય હોત, તો તેમને ગોરા વર્ણવ્યા હોત, મેઘ જેવા ગંભીર એટલે શ્યામ ન વર્ણવ્યા હોત. કારણ કે, શ્રીમદ્ ભાગવતમાં કહેલ છે કે : બલદેવજી ગોરા છે અને ભગવાન કાળા છે. તેમ વળી, આપનું નામ શ્રીગોપીનાથજી ધર્યું છે તે એટલા ખાતર કે આપ શ્રીગોપીજનવલ્લભ શ્રીઠાકોરજીનું પ્રાકટ્ય છે. નહીં કે દુનિયામાં જેમ અડસટ્ટે કોઈનું નામ નરસિંહ રાખે તે માફક. વાત એવી છે કે ભગવાનના બે અસાધારણ ધર્મો છે - એક પ્રમાણ અને બીજો પ્રમેય. આ બન્ને ધર્મો કેવલ ભગવાનમાં જ હોય છે, બાકીના ધર્મો તો ભગવાનમાં પણ હોય છે અને બીજામાં પણ હોય છે. એટલે અહીં ભગવાન પોતાના બે અસાધારણ ધર્મો આગળ ધરી બે સ્વરૂપે પ્રકટ્યા છે. બીજી રીતે કહીએ તો, ભગવાનના બે અસાધારણ ધર્મો અહીં બે સ્વરૂપે પ્રકટ્યા છે. શ્રીગુસાંઈજીએ વિદ્વન્મંડનમાં આજ્ઞા કરી છે કે : ભગવાનનું ધર્મિસ્વરૂપ અને ધર્મસ્વરૂપ બન્ને એક જ છે, એટલે કે જેમ ભગવાન પોતે ધર્મી પ્રાકટ્ય લે છે તેમ ભગવાનના ધર્મો પણ પ્રાકટ્ય લે છે. આ પ્રસંગે, ભગવાન પોતે પ્રમાણેરૂપે મોટા પુત્ર તરીકે જન્મ્યા, અને પ્રમેયરૂપે નાના પુત્ર તરીકે જન્મ્યા. કારણ કે કુદરતનો નિયમ છે કે પ્રમાણ દ્વારા પ્રમેયની સિદ્ધિ એનું જ બીજું નામ પ્રમાણ એટલે સાધન અને પ્રમેય એટલે ફલ. એટલે કે, સાધન દ્વારા ફલની સિદ્ધિ એનું જ બીજું નામ પ્રમાણ દ્વારા પ્રમેયની સિદ્ધિ. અલૌકિકનો દાખલો લઈએ તો, શ્રીગોકુલમાં બિરાજતા શ્રીનવનીતપ્રિયાજી એ પ્રમાણ સ્વરૂપ છે અને શ્રીગિરિરાજ પર બિરાજતા શ્રીનાથજી એ પ્રમેય સ્વરૂપ છે અને શ્રીનાથજીની સેવાનો અધિકાર શ્રીનવનીતપ્રિયાજીને સેવા દ્વારા જ પ્રાપ્ત થાય છે. અહીં પ્રમાણ અને પ્રમેય બંને ભગવાનના અસાધારણ ધર્મ હોઈ, એક બીજા સમાન છે, નહીં કે પ્રમેય ચઢતું અને પ્રમાણ ઉતરતું માટે શ્રીગોપીનાથજીથી શ્રીગુસાંઈજીને સુખ થાય છે. નહીંતર તો શ્રીગુસાંઈજીને દુઃખ થાય કારણ કે શ્રીગોપીનાથજી કેવલ લોકદષ્ટિએ જ મોટા રહે, લીલાદષ્ટિએ નહીં. પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે, શ્રીગોપીનાથજી લોકદષ્ટિએ મોટા છે અને લીલાદષ્ટિએ સમાન છે. તેમ વળી શ્રીગોપીનાથજી કેવા છે ? પૂર્ણપુરૂષ અને પ્રમાણ, એટલે કે પુરૂષોત્તમરૂપ અને પ્રમાણરૂપ. આ પ્રમાણે કહેવામાં આશય એ છે કે : શ્રીગોપીનાથજી ભીતર પ્રમેયરૂપ અને ઉપર પ્રમાણરૂપ છે, જ્યારે શ્રીગુસાંઈજી ભીતર પ્રમાણરૂપ અને ઉપર પ્રમેયરૂપ. જેમ શ્રીગોકુલમાં બિરાજતા શ્રીનવનીતપ્રિયાજી ભીતરથી પ્રમેયરૂપ અને ઉપરથી પ્રમાણરૂપ છે અને શ્રીગિરિરાજ ઉપર બિરાજતા શ્રીનાથજી ભીતરથી પ્રમાણરૂપ અને ઉપરથી પ્રમેયરૂપ છે. (શ્રીનવનીતપ્રિયાજી ભીતરથી પ્રમેયરૂપ અને ઉપરથી પ્રમાણરૂપ છે તે તેનું નિરૂપણ શ્રીગુસાંઈજીએ प्रेङ्खपर्यङ्कशयनम् એ પલનામાં तोकता वपुषि तव राजते दृशि तु मद मानिनी मान हरणम् એ સ્થળે કરેલ છે. શ્રીનવનીતલાલ દર્શન આપે છે તો બાલસ્વરૂપે, પરંતુ આપની દષ્ટિ એવી છે કે મોટી માનિનીને પણ માન ન રહે) તેમ વળી, માણેકચન્દજીએ बालक सब ब्रह्मजानिये जाको वेद् विमल जस गाय એ પ્રમાણે જે વર્ણન કરેલ છે તેનો આશય એ છે કે : શ્રીલક્ષ્મણ ભટ્ટજીના કુલમાં શ્રીમહાપ્રભુજીથી માંડીને શ્રીઘનશ્યામજી સુધી બધાએ પૂર્ણ પુરૂષોત્તમ જ છે. શ્રીગોપીનાથજી જો પૂર્ણપુરુષોત્તમનું પ્રાકટ્ય ન

હોય અને કેવલ બલદેવજીનું પ્રાકટ્ય હોય તો ગોપાલદાસજીના મુખમાં બિરાજી શ્રીગુસાંઈજી એમને પૂર્ણપુરુષ તરીકે ન વર્ણવે. માટે શ્રીગોપીનાથજી પૂર્ણપુરુષોત્તમનું જ પ્રાકટ્ય છે. તે બાબતમાં શંકાને સહેજે સ્થાન નથી.

તેમ છતાંયે આજકાલ ખોટા તર્કવિતર્કથી જેના અતંઃકરણ ડોળાઈ ગયા છે એવા કેટલાક જીવો દેખાવ પૂરતું જ તિલક કરી પુષ્ટિમાર્ગમાં ઘૂસી ગયેલા છે, અને તેઓ પોતાના હૃદયમાં રહેલ આસુરભાવને લઈ શ્રીગોપીનાથજીને કેવલ મર્યાદા સ્વરૂપ કહેતા ફરે છે.

મહાનુભાવોએ ગાયું છે શ્રીવલ્લભકે કુલમેં સબહી વલ્લભરૂપ. શ્રીવલ્લભે પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના વંશમાં પધરાવ્યું છે. સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય.

આચાર્યં માં વિજાનીયાત્ માં કહ્યા મુજબ શ્રીઆચાર્યને ભગવત્સ્વરૂપે જાણવા જોઈએ. આપશ્રીનું આચાર્યત્વ પ્રસિદ્ધ છે.

સૂરદાસજીના દ્દઢ ઈન ચરનન કેરો ભરોસો તે આશરાના પદમાં છેલ્લી લીટી સૂર કહા કહે દુવિધ આંધરો બિના મોલકો ચેરો માં કુલ ઓગણીસ અક્ષરો છે તેના ભાવપ્રકાશમાં મહાનુભાવો સમજાવે છે કે, શ્રીકૃષ્ણના રાસલીલાનાં આઠ સ્વરૂપો અને શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરુષોત્તમજી તથા શ્રીગુસાંઈજીનાં સાત બાળકો - આમ આ અગિયાર આચાર્ય સ્વરૂપો એમ કુલ મળી ઓગણીસ સ્વરૂપોમાં અભેદ છે. આવું દર્શન શ્રીસૂરદાસજીનું છે.

શ્રીગુસાંઈજીને મોટાભાઈમાં પૂર્ણપુરુષનું દર્શન થાય છે. તે જ રીતે શ્રીપુરુષોત્તમજી લેખવાળા પણ શ્રીગોપીનાથજીના સ્વરૂપમાં વિરુદ્ધધર્માશ્રયનાં દર્શન કરે છે. સ્તુતિ કરે છે :

શ્રીવલ્લભપ્રતિનિધિં, તેજોરાશિં દયાર્ણવમ્ ।

ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમાશ્રયે ॥ (શ્રીઅણુભાષ્ય-પ્રકાશ)

શ્રીવલ્લભમાં વાક્પતિ, વૈશ્વાનર તથા કૃષ્ણદાસસ્ય વલ્લભ એમ વિરુદ્ધ ધર્માશ્રય છે તે જ રીતે શ્રીગોપીનાથજી પણ શ્રીવલ્લભના સાચા અર્થમાં પ્રતિનિધિ છે. આપશ્રીમાં પણ વિરુદ્ધ ધર્માશ્રય છે. આપશ્રી અમાપ તેજવાળા છે. છતાં દયાના સાગર છે. આપશ્રી ગુણાતીત છે. લૌકિક ધર્મો આપમાં નથી, સાથે ગુણનિધિ પણ છે અલૌકિક અપ્રાકૃત ધર્મોનો ભંડાર છે. આવા શ્રીગોપીનાથજીનો હું આશ્રય કરું છું.

આપણા માર્ગમાં શ્રીગુસાંઈજી કૃષ્ણ સ્વરૂપે ગણાય છે તેથી આપશ્રીના મોટાભાઈ હોવાથી આપશ્રીને બલદેવજી ગણીએ છીએ. મર્યાદા સ્વરૂપે ગણી પ્રાયઃ કંઈક ઉપેક્ષા સેવાય છે, પણ એ ઠીક નથી. શ્રીભાગવતજીમાં વર્ણવેલ શ્રીકૃષ્ણલીલા જોઈએ તો દસમ સ્કન્ધમાં પંદરમા અધ્યાયમાં ધેનુકાસુરવધ લીલા છે. અહીં છે તો બલરામજીનું બાહુબલ. પણ લીલા ગણાઈ છે શ્રીકૃષ્ણની. અઢારમા અધ્યાયમાં પ્રલંબાસુર બલદેવજીની વજ્રમુષ્ટિ પ્રહારે મર્યો છે. લીલા કૃષ્ણની ગણાઈ છે.

દ્વિવિદ વાનર ભૌમાસુરનો મિત્ર છે. શ્રીબલદેવજીએ દ્વિવિદનો ઘાત કર્યો. ૬૭ મા અધ્યાયમાં આ કથા છે પણ આ લીલા શ્રીકૃષ્ણની કહેવાય છે.

શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ સહસ્રનામમાં શ્રીકૃષ્ણનું એક નામ બલભદ્રાહિતગુણઃ કહે છે. અર્થાત્ બલદેવજીમાં આનંદ આપનાર ગુણોને સ્થાપિત કરનારા. બલદેવજી, નન્દરાયજીના ગોકુલમાં - વ્રજમાં પધાર્યા હતા. તેમના આગમનથી માતા-પિતાને અને સર્વ વ્રજજનોને તેમના આનંદદાયી વર્તાવથી જે દિવ્ય આનંદ થયો હતો તેનું વર્ણન પાંસઠમા અધ્યાયમાં છે. શ્રીકૃષ્ણ અને બલરામ વચ્ચેના અભેદના કારણે આ નામ દસમ સ્કન્ધના કૃષ્ણના નામ તરીકે છે. આમ શ્રીબલરામજીમાં પણ કૃષ્ણાવેશ તો છે જ. શ્રીમહાપ્રભુજીએ

ભાવપ્રકાશ શ્રીહરિરાયચરણોએ કર્યો છે કે બાલગોપીનાથજીને શ્રીદ્વારકાધીશનો દ્રવ્યનું સાંભળી કંઈક પ્રસન્નતા થઈ હતી. આથી એક પુત્ર થયો, પણ વંશ ચાલ્યો નહીં. જગન્નાથપુરીના રાજાને ત્યાં રોજનામચામાં ઐતિહાસિક તવારીખો નોંધાઈ છે. ભોજપત્ર પરના લખાણમાંથી શ્રીપુરુષોત્તમજીનો એક પ્રસંગ મળે છે. તેઓ ચૌદ વર્ષની ઉંમરે પુરી ગયેલા. ત્યાંના રાજાએ આપશ્રીને શ્રીજગન્નાથજીના સ્વરૂપ વિષે પૂછ્યું. આપે કહ્યું, શ્રીજગન્નાથજીને ચાર હસ્તો છે. રાજા કહે મને બે દેખાય છે, આપે કહ્યું, તમારી લૌકિક નજરે બરોબર છે. મને ચાર ભુજા દેખાય છે. આમ કહી આપે રાજાના કપાળે આજ્ઞાચક્ર પર અંગૂઠો દબાવ્યો. રાજાને અલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત થઈ. ચાર ભુજાનાં દર્શન થયાં.

### (રાગ સારંગ)

શ્રીવલ્લભસુત કે પ્રગટે પરિપૂરન પુરુષોત્તમ નામ । ગોપીનાથ નિરખિ મન ફૂલે મંગલ ગાવત ચહુઁદિસવામ ॥ ૧ ॥ અતિ આનંદ બઢચો પુર સબહિ જૈ જૈ ધુનિ ચહુઁ ઉપજાઈ । વિપ્ર વેદધુનિ પઢત સુરન તેં દેત અસીસ જીયો ચિર માઈ ॥ ૨ ॥ ગોપીનાથ દેત સબહિન કો પટ ભૂષન ગો ભૂધન ધામ । પૂરત સકલ મનોરથ જન કે રસિકદાસ કીનો પરનામ ॥ ૩ ॥

**સરળ ભાવાર્થ** : શ્રીવલ્લભસુત (શ્રીગોપીનાથજી) ના ત્યાં પૂર્ણસ્વરૂપ પ્રગટ થયું છે. આપનું નામ પણ પુરુષોત્તમ છે. શ્રીગોપીનાથજી આ બાલકને નિરખે છે. આપશ્રીનું મન પ્રફુલ્લિત થઈ ગયું છે. ચારેય દિશાઓમાં સ્ત્રીજનો મંગલ ગાઈ રહ્યા છે. ગામમાં ચારેય બાજુ અતિશય આનંદ થઈ રહ્યો છે. ચારે તરફ જય જયનો ધ્વનિ થઈ રહ્યો છે. વિપ્રો વેદપાઠ કરી રહ્યા છે. બાલકને ચિરંજીવ થવાના આશિષ આપી રહ્યા છે. શ્રીગોપીનાથજી આવેલા દરેકને વસ્ત્ર, અલંકાર, ગાય, ભૂમિ અને ધન આપી રહ્યા છે. સકલ જનોના સકલ મનોરથ પૂર્ણ થઈ રહ્યા છે. આ દર્શન કરતાં રસિકદાસ પ્રણામ કરી રહ્યા છે.

પુસ્તકમાં શ્રીગોપીનાથજીએ ભૂતલ ત્યાગ કર્યાની સંવત ૧૬૨૦ બતાવી છે) અને તેમના પુત્ર શ્રીપુરુષોત્તમજી બાર વર્ષના હતા અને શ્રીવિઠ્ઠલેશે કુટુંબ તથા સંપ્રદાયની ધુરા સંભાળી.

## શ્રીગોપીનાથજીના તિરોધાન બાદ :

પુત્ર પુરુષોત્તમજીએ શાસ્ત્ર પરંપરા પ્રમાણે શુદ્ધાદ્વૈત સંપ્રદાયની ગાદી સંભાળી.

## શ્રીગોપીનાથજીનો વંશ :

આપના વંશનો સ્મરણોપદેશ કરતાં ગોપાલદાસજી નવમા વલ્લભાખ્યાનમાં ગાય છે :

> લક્ષ્મી સત્યભામા એ બેઉ, અગ્રજની અનુહાર રે રસના
> શ્રીનવનીતપ્રિયજીને રીઝવ્યા, સેવા વિવિધ પ્રકાર રે રસના

શ્રીલક્ષ્મી બેટીજી અને શ્રીસત્યભામા બેટીજી એ બંને અગ્રજ (પ્રથમ જન્મેલા મોટાભાઈ) શ્રીપુરુષોત્તમજીનાં નાનાં બહેનો છે. આમ સ્વરૂપનિરૂપણ કરી ગુણનિરૂપણ કરે છે કે તેમણે અનેક પ્રકારે સેવા કરી શ્રીનવનીતપ્રિયજીને પ્રસન્ન કર્યા.

**શ્રીપુરુષોત્તમજી** : આપનો જન્મ ભાદરવા વદ આઠમના રોજ થયો. આપ પણ પુરુષોત્તમ જ છે. આચાર્યતિલક થયું છે અને આપની વય નાની છે તેથી શ્રીગુસાંઈજીના હાથ નીચે સેવા તથા સંપ્રદાયનું સંચાલન કરે છે. આમ સ્વામિત્વ તથા સેવકત્વ બંને દેખાય છે. કૃષ્ણદાસ અધિકારીને તેમને જ આગળ કરીને શ્રીગુસાંઈજીને શ્રીનાથજીની સેવામાંથી છ મહિના દૂર કર્યા છે. શ્રીપુરુષોત્તમજી એકત્રીસ વર્ષની વયે નિત્યલીલમાં પધાર્યા. તેમને કોઈ સંતાન ન હતું. આમ વંશ ન ચાલ્યો. દામોદરદાસ સંભરવાળાની વાર્તામાં આના કારણનો

### (રાગ નાયકી)

પ્રગટે શ્રીવલ્લભસુતકે સુત પુરૂષોત્તમ યહ નામ । આશ્વિન કૃષ્ણ અષ્ટમી સુભ દિન પાય કિયે સુભ કામ ॥ ૧ ॥ બાજત ઢોલ દુંદુભિ મુરલી બીન મૃદંગ સમાજ । નૃત્ય કરત નરનારી મુદિત મન કહત રહે ધરની પર ગાજ ॥ ૨ ॥ દેવ કુસુમ બરખાવત ચહુઁ દિસિ જૈ જૈ બોલ કરે સિરનાય । રસિકદાસ કહા બરન સકૈ ગુન સબહિન કે પરિપૂરન કાય ॥ ૩ ॥

**સરળ ભાવાર્થ :** શ્રીવલ્લભસુત (શ્રીગોપીનાથજી) ના પુત્ર પ્રગટ્યા છે. આપશ્રીનું નામ પુરુષોત્તમ છે. (વ્રજ) આસો વદ અષ્ટમીના દિને પ્રગટ્યા અને શુભ કર્યા. ઢોલ, દુંદુભિ, મુરલી, બીન અને મૃદંગ વાગી રહ્યા છે. નર નારીના મન આનંદિત થયા છે અને નૃત્ય કરતા ભૂમિને ગજવી રહ્યા છે. આકાશેથી દેવો પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે. જૈ જૈ શબ્દ બોલી રહ્યા છે. નમન કરી રહ્યા છે. રસિકદાસ કહે છે કે આવા પુરુષોત્તમજીના ગુણોનું હું શું વર્ણન કરી શકું ? આપતો બધાયને પરિપૂર્ણ કરનાર છે.

### શ્રીલક્ષ્મીબેટીજી અને શ્રીસત્યભામા બેટીજી

શ્રીગોપીનાથજીના તિરોધાન પછી થોડા સમયના અંતરમાં શ્રીપુરુષોત્તમજી તથા માતા અક્કાજી પણ ભગવચ્ચરણારવિંદ પામ્યા. પાયમ્માજી (શ્રીગોપીનાથજીના વહુજી)ને ખૂબ આઘાત થયો. તેઓ પોતાના બે પુત્રીઓ લઈ દક્ષિણમાં પિયરમાં ગયા, અહીં એમનો દેહ પડ્યો.

હવે શ્રીગુસાંઈજીએ પોતાની બે ભત્રીજીઓ પોતાની પાસે તેડાવી, બંને બહેનો ભગવત્સેવામાં તત્પર રહેતી. શ્રીગુસાંઈજીના ઘરના બધા જ તેમને માટે પૂજ્યભાવ રાખતા. શ્રીગુસાંઈજીને તે બંને માટે અનહદ વાત્સલ્ય હતું. આપશ્રીના સેવ્ય શ્રીનવનીતપ્રિયજીની સેવા આ બંને બહેનો કરતી.

### શ્રીલક્ષ્મીબેટીજીનો પ્રસંગ :

નરવરગઢના રાજા આસકરણજી શ્રીગુસાંઈજીના સેવક હતા. તેમને વ્યસનદશા પ્રાપ્ત થઈ ત્યારે તેઓ વ્રજમાં આવી ગયા. ગોપીજનનો ભાવ તેમને રોમેરોમે હતો. આશકરણજી વ્રજની રેતીમાં લોટતા ભગવાનની મધુર બંસરીનો નાદ સાંભળી આમ તેમ દોડતા. આમ દિવસોના દિવસો વીતી જતાં ભૂખ તરસનું ભાન રહેતું નહીં. આથી ગુસાંઈજીએ આજ્ઞા કરેલી કે આસકરનજી ઘરે આવે તો જે પ્રસાદી હોય તે તેમને લેવડાવવી.

એક વખત આસરકરણજી ગોકુલ આવ્યા. ઘરમાં પ્રસાદી નહતી. શ્રીલક્ષ્મીજીએ વિચાર્યું કે જો આશકરણજી ભૂખ્યા જશે તો પાંચ સાત દિવસે ભગવદ્‌લીલામાંથી જાગ્રત થશે ત્યારે જ અન્ન પામશે, આથી તેમણે ભગવાન માટે સિદ્ધ કરેલ રાજભોગની સામગ્રી આશકરણજીને આપી અને બીજો રાજભોગ સિદ્ધ કર્યો. રાજભોગ ધર્યા પછી શ્રીગુસાંઈજી આરતી માટે પધાર્યા ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ શ્રીગુસાંઈજીને કહ્યું કે આજે હું બમણો રાજભોગ આરોગ્યો છું. શ્રીગુસાંઈજીએ જયારે શ્રીનવનીતપ્રિયજીના કહેવાથી શ્રીલક્ષ્મીજીએ હકીકત જણાવી ત્યારે આપશ્રી ઘણા પ્રસન્ન થયા. માટે જ ગોપાલદાસજીએ ગાયું, શ્રીનવનીતપ્રિયજીને રીઝવ્યાં, સેવ્યા વિવિધ પ્રકાર રે રસના.

### શ્રીસત્યભામાજીનો પ્રસંગ :

તેઓ દયાના સાગર હતા. તેઓ બીજાનું દુઃખ જોઈ શકતા નહિ. દ્રવી જતા. એક સમયે તેઓ પુરી ગયા. ત્યાં દર્શન કરી પાછા આવતા ગૌડ દેશના નારાયણદાસને ત્યાં મુકામ કર્યો. તેમના ઘર આગળ જ રાજાનું કેદખાનું હતું. સત્યભામાજીએ આ કેદીઓના ચિત્કારો સાંભળ્યા. ખૂબ દુઃખ થયું. મનથી નક્કી કર્યું કે જ્યાં સુધી આ કેદીઓનું દુઃખ દૂર ન થાય ત્યાં સુધી અન્નનો ત્યાગ કરીશ.

નારાયણદાસ તથા અન્ય વૈષ્ણવોએ કહ્યું રાજા તો પરધર્મી છે. જિદ્દી છે. કોઈ વિનંતી નહીં સાંભળે, માટે આપ ઉપવાસ ન કરો. સત્યભામાજી ન માન્યા. ઉપવાસ પર ચડ્યા. આ જોઈ બધા વૈષ્ણવોએ ઉપવાસ શરૂ કર્યા. બાદશાહને ખબર પડી. નારાયણદાસને બોલાવી સત્ય હકીકત સાંભળી. બાદશાહે કહેવડાવ્યું કે ઉપવાસ છોડો તો ઘણી સંપત્તિ આપું. બેટીજીએ કહેવડાવ્યું કે મારે લાખ રૂપિયાનું કામ નથી. આ દુઃખી લોકોની મુક્તિ મારે માટે લાખો રૂપિયા બરાબર છે. આ જ પ્રભુસેવા પણ છે.

બેટીજીનો આવો ત્યાગ અને દયા જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. તેને થયું કે જો આજ્ઞા નહીં માનું તો મારું બૂરું થશે. બાદશાહે બધા કેદીઓને છોડી મૂક્યા. ત્યારબાદ બધા વૈષ્ણવોએ તથા સત્યભામાજીએ પ્રસાદ લીધો. આમ સત્યભામાજીની દયા તથા ત્યાગવૃત્તિથી મુસલમાન બાદશાહ પણ સન્માર્ગે વળ્યો. દયાર્ણવ શ્રીગોપીનાથજીનાં પુત્રી આવાં જ હોય ને ? આમ મહાન શ્રીગોપીનાથજીની પુત્રીઓ પણ પિતાજી જેટલી મહાન નીવડી.

શ્રીમહાપ્રભુજીની અશેષ માહાત્મ્યયુક્ત બિંદુસૃષ્ટિના આ મહાન આચાર્યને કોટિ કોટિ વંદન.

* * *